નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper



અમદાવાદમાં ૨.૫ લાખ રિક્ષા અને ૮૦ હજાર ટેક્સી ચાલકોની હડતાલ

જુઓ પેજ નં.૦૯

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date :25 JULY 2024 | THURSDAY | Page :16 | Year : 2 | Issue :102 | Price: 2/-



# ગુજરાતમાં અનરાધાર વરસાદ

## વીરપુરમાં ૨ કલાકમાં ૩ અને વડોદરામાં ૧૦ કલાકમાં ૮ ઈંચઃસુરત–વડોદરા સહિત સમગ્ર ગુજરાતમાં મેઘતાંડવ

ગુજરાત અનેક વિસ્તારોમાં હજુ પણ ભારેથી અતિભારે વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગે કરી છે, ત્યારે આજે રાજ્યના અનેક જિલ્લાઓમાં મેઘરાજાએ માઝા મુકી હોવાના અહેવાલો સામે આવ્યા છે. તો અમદાવાદમાં પણ આજે બપોરે ધમધોકાટ વરસાદ ખાબક્યા બાદ સમી સાંજે પણ અનેક વિસ્તારોમાં વરસાદે માજા મુકી છે. મધ્ય ગુજરાતમાં આણંદમાં બે કલાક આઠ ઈંચ વરસાદ ખાબક્યો છે, તો વિશ્વામિત્રી નદી ૧૭ ફૂટને પાર પહોંચી ગઈ છે, જ્યારે અંકલેશ્વરમાં ઘોડાં તણાયાની ઘટના બની છે. દક્ષિણ ગુજરાતનાં સુરતમાં મેઘ કહેર જોવા મળ્યો છે, તો ભરૂચમાં હાઈવેની નદી જેવી સ્થિતિ બની ગઈ છે. આ ઉપરાંત ડાંગમાં ભારે વરસાદ ખાબક્યા બાદ ગીરાધોધ સોળે કળાએ ખીલ્યો છે. ઉત્તર ગુજરાતમાં કેટલાક જિલ્લામાં મેઘરાજાના લાંબા વિરામ બાદ મેઘરાજાની ધમકેદાર એન્ટ્રી થઈ છે, જોકે મહેસાણામાં હજુપણ વરસાદની ઘટ વર્તાતા ખેડૂતો ચિંતિત બન્યા છે. સૌરાષ્ટ્રની વાત કરીએ તો મેઘરાજા અહીં મન મુકીને વરસ્યા છે. સૌરાષ્ટ્રમાં અનેક ડેમો છલકાયા છે.



# નેપાળમાં પ્લેન ક્રેશ 18નાં મોત

## પાઈલટ ઘાયલઃ કાઠમંડુથી ઉડાન ભરતાં જ પ્લેનમાં ઝટકો લાગ્યો, વિંગ જમીન સાથે અથડાતાંની સાથે જ અચાનક આગ લાગી

નવી દિલ્હી.તા.૨૪

નેપાળની રાજધાની કાઠમાંડુમાં એક વિમાન ક્રેશ થઈ ગયું છે. પ્લેનમાં હાજર ૧૯ લોકોમાંથી ૧૮નાં મોત થઇ ગયા છે. ત્યાં જ, ઘાયલ પાઈલટ કેપ્ટન એમ. શાક્યને ગંભીર સ્થિતિમાં હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા છે. પ્લેન કાઠમંડુથી પોખરા જઈ રહ્યું હતું.

પ્લેને સવારે લગભગ ૧૧ વાગ્યે ત્રિભુવન એરપોર્ટ પરથી ઉડાન ભરી. તેના થોડાં સમયની અંદર જ તે ક્રેશ થઈ ગયું. ૯ગ-અખઊ પ્લેન સૌર્ય એરલાઈન્સનું હતું. દુર્ઘટનામાં માર્યા ગયેલાં લોકોમાંથી ૧૭ સોર્ય એરલાઈન્સના જ સ્ટાફ હતા, જ્યારે અન્ય ૨ ક્રૂ-મેમ્બર્સ હતા.કાઠમંડુ પોસ્ટના જણાવ્યા પ્રમાણે, દુર્ઘટના પછી તરત જ પોલીસ અને ફાયર ફાયટર્સની ટીમ ઘટનાસ્થળે રેસ્ક્યૂ-ઓપરેશન માટે પહોંચી. ન્યૂઝ એજન્સી ડ્ઝઈના જણાવ્યા પ્રમાણે, એક સુરક્ષા અધિકારીએ જણાવ્યું કે ક્રેશ દરમિયાન વિમાનમાં આગ લાગી ગઈ હતી. પછી તેને તરત જ ઓલવી દેવામાં આવી હતી.

ઘટનાસ્થળથી સામે આવેલી તસવીરોમાં ધુમાડાના ગોટેગોટા ઊડતા જોવા મળી રહ્યા છે. જોકે, દુર્ઘટના કયા કારણોસર બની તેની જાણકારી હજુ સુધી સામે આવી નથી.

નેપાળી આર્મીના સૈનિકોએ ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ કાઠમંડુ પર દુર્ઘટનાગ્રસ્ત થયેલાં સોલર એર (CRJ7 Reg9NAME) ના કેપ્ટન અમિત માન મહારાજનને બચાવ્યોનેપાળી આર્મીના સૈનિકોએ ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટ કાઠમંડુ પર દુર્ઘટનાગ્રસ્ત થયેલાં સોલર એર (CRJ7 Reg9NAME) ના કેપ્ટન અમિત માન મહારાજનને બચાવ્યો



## તંત્રી લેખ
–રાજેશ યુ. બગડાઈ

# ઈમરાન ખાનની પાર્ટી પર પ્રતિબંધ ??



પાકિસ્તાનની શાહબાઝ શરીફ સરકારે સંકેત આપ્યા છે કે પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી પર પ્રતિબંધ લાગી શકે છે. ઈમરાન ખાન પહેલેથી જ જેલમાં છે. તેમની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) પર પહેલાથી જ ઘણા નિયંત્રણો લાદવામાં આવ્યા છે. આમ છતાં જો પાકિસ્તાન સરકાર આ નવી પહેલની વાત કરી રહી છે તો તેનો સ્પષ્ટ અર્થ છે કે ઈમરાન જેલની અંદરથી પણ પોતાના વિરોધીઓ માટે ખતરો છે. પાકિસ્તાની સેના સાથે વધતા મતભેદો વચ્ચે પોતાનું સ્થાન ગુમાવનાર ઈમરાન ખાનની લોકપ્રિયતા પાકિસ્તાની લોકોમાં છેલ્લી ચૂંટણીઓમાં સારી રીતે સ્થાપિત થઈ ગયું છે. ખુદ ઈમરાનને ચૂંટણી લડવાથી રોકવામાં આવ્યા હોવા છતાં અને પાર્ટીને ઉમેદવાર ઊભા રાખવાની પણ મંજૂરી ન હોવા છતાં, પીટીઆઈના લોકો મોટી સંખ્યામાં જીતીને નેશનલ એસેમ્બલીમાં પહોંચ્યા હતા.

ઈમરાન અને તેમનો પક્ષ કોર્ટની લડાઈ પણ જોરદાર રીતે લડતો જોવા મળ્યો હતો. વિદેશી ફંડિંગ કેસમાં ઈમરાન ખાનની અંગત સંડોવણીના આરોપોને પુરાવાના અભાવે અદાલત દ્વારા ફગાવી દેવાયા હતા, એટલું જ નહીં, કેબલ કેસમાં ઓફિશિયલ સિક્રેટ એક્ટના ઉલ્લંઘનનો આરોપ પણ ઉચ્ચ અદાલતે રદ કર્યો હતો. આટલું જ નહીં, ગયા અઠવાડિયે સુપ્રીમ કોર્ટે પીટીઆઈને નેશનલ એસેમ્બલીમાં ૨૦ થી વધુ આરક્ષિત સીટો માટે લાયક જાહેર કરીને તેને સૌથી મોટી પાર્ટી બનાવી. દરમિયાન, સંયુક્ત રાષ્ટ્રની નિષ્ણાત સમિતિએ પણ આ મહિને તારણ કાઢ્યું હતું કે ઈમરાન ખાનની ધરપકડ માટે કોઈ નક્કર કાનૂની આધાર નથી અને એવું લાગે છે કે તેની પાછળ કોઈ રાજકીય હેતુ કામ કરી રહ્યો છે જેથી તેને ચૂંટણી લડતા અટકાવવામાં આવે. સમિતિએ તેમની તાત્કાલિક મુક્તિની માંગ પણ કરી છે.

સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ જેલમાં બંધ ખાનની પાર્ટી સૌથી મોટી પાર્ટી બની જશે. ઈમરાન ખાનની પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ ૧૦૯ બેઠકો સાથે સંસદમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવશે. કોર્ટે તાજેતરમાં ચુકાદો આપ્યો હતો કે પક્ષ મહિલાઓ અને લઘુમતીઓ માટે અનામત બેઠકોની ફાળવણી માટે પાત્ર છે. પાકિસ્તાનનું ચૂંટણી પંચ (ઊઈઙ) જેલમાં બંધ પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટીને અનામત બેઠકો ફાળવવાના સુપ્રીમ કોર્ટના આદેશનો અમલ કરશે. ઊઈઙ એ શુક્રવારે પાકિસ્તાની મીડિયા અહેવાલોમાં જણાવ્યું હતું કે, આ એક એવો નિર્ણય છે જે નાટ્યાત્મક રીતે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (ઙઝઈ)ને સંસદમાં સૌથી મોટી પાર્ટી બનવાની મંજૂરી આપશે.ગયા અઠવાડિયે, પાકિસ્તાનની સર્વોચ્ચ અદાલતની ૧૩ સભ્યોની પૂર્ણ બેન્ચે ૮-૫ના સીમાચિહ્નરૂપ નિર્ણયમાં આદેશ આપ્યો હતો કે ૭૧ વર્ષીય ખાનની પીટીઆઈ નેશનલ એસેમ્બલી અને પ્રાંતીય એસેમ્બલીઓમાં મહિલાઓ અને લઘુમતીઓ માટે અનામત બેઠકો માટે પાત્ર છે. પીટીઆઈ નેશનલ એસેમ્બલીમાં સૌથી મોટી પાર્ટી બનશે. કારણ કે મહિલાઓ અને લઘુમતીઓ માટે અનામત ૨૩ બેઠકો મળ્યા બાદ તેની બેઠકો ૮૬થી વધીને ૧૦૯ થઈ જશે. શુક્રવારે જારી કરાયેલા એક નિવેદનમાં, પાકિસ્તાનના ચૂંટણી પંચ (ઊઈઙ) એ જણાવ્યું હતું કે આરક્ષિત બેઠકો પરના નિર્ણયો પર વિચારણા કરવા માટે ચૂંટણી મંડળની બે બેઠકો કર્યા પછી ટોચની સમિતિની નિમણૂક કરવામાં આવશે. રસપ્રદ વાત એ છે કે, પીટીઆઈ પર પ્રતિબંધ મૂકવાની આ નવી ચિનગારીને લઈને શાસક ગઠબંધનમાં તિરાડ દેખાવા લાગી છે. પાકિસ્તાન પીપલ્સ પાર્ટીએ આ નિર્ણયથી પોતાને દૂર રાખ્યા છે અને કહ્યું છે કે આ સંદર્ભમાં તેની સલાહ લેવામાં આવી નથી. આ પછી એ પણ જોવાનું રહેશે કે સરકાર આ નિર્ણયને લઈને કેટલી આગળ વધે છે.



# રાજકોટનાં ૪૮ હજાર આસામીઓ પાસે પાણીવેરાનાં ૨૫૧ કરોડ બાકી !

રાજકોટ,તા.૨૪

રાજકોટ મનપા દ્વારા ૫.૪૫ લાખ ઘરોમાં દરરોજ ૨૦ મીનીટ પાણી વિતરણ કરવામાં આવી રહ્યું છે. પણ પાણીવેરા પેટે ૨૫ થી૩૦ ટકા માંડ આવક થાય છે. ખાસ કરીને અગાઉ ફક્ત નામ ઉપર આપવામાં આવેલા નળ જોડાણો અને સંપ કનેકશનોનું વેરીફીકેશન ન થતાં અને વેરાબીલમાં લીંક ન થતાં છેલ્લા દસ વર્ષથી ૪૮ હજારથી વધુ આસામીઓના પાણીના વેરા પેટે ૨૫૧ કરોડની ઉઘરાણી અટવાઈ ગઈ છે. જેનો ઉકેલ શોધવાની મથામણ ચાલી રહી છે. પરંતુ તાળો મળી શક્યો નથી.

વેરાવિભાગમાંથી મળતી વિગત મુજબ અગાઉ વોટરવર્કસ વિભાગ દ્વારા નળ જોડાણો ફક્ત નામ અને શેરી નંબરના આધારે આપવામાં આવ્યા હતાં. ત્યાર બાદ બે વખત વોર્ડ રચના બદલી ગઈ અને જૂના વિસ્તારોમાંથી રહીશો પોતાની મિલ્કતો વેચીને બીજા સ્થળે સ્થાયી થઈ ગયા તે વખતે તમામ કામ ચોપડા ઉપર થતું હતું.

> અગાઉ ફક્ત નામ ઉપર આપવામાં આવેલ નળ જોડાણો અને સંપ કનેક્શનોનું વેરીફિકેશન ન થતા અને વેરાબિલમાં લીંક ન થતા ૧૦ વર્ષથી ઉભુ થયેલુ લેણું

ત્યાર બાદ તમામ વિભાગનું કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં આવ્યું અને પાણી વેરાબીલનો પણ મિલ્કતવેરાબીલમાં સમાવેશ કરી ફક્ત એક બીલમાં તમામ વેરો ભરપાઈ શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. પરંતુ વર્ષો પહેલા અપાયેલા નળ જોડાણોનું લીંકઅપ કરવા માટે સર્વે કરવામાં આવેલ ત્યારે મોટાભાગના આસામીઓ પોતાની મિલ્કત વેચી નિકળી ગયા હોવાનો અને નળ જોડાણો પણ મળતા ન હોવાનું જાણવા મળ્યું હતું.

તેવી જ રીતે અમુક આસામીઓએ નળ જોડાણ રદ કરી નવા નામથી નવું જોડાણ લઈ લીધું હોય અને એપાર્ટમેન્ટમાં સંપ કનેક્શનોમાં પણ લીંકઅપ થઈ શકેલ નથી. આથી આજ સુધીમાં ૪૮ હજાર થી વધુ આસામીઓ પાસેથી કરોડો રૂપિયાનું લેણું બાકી રહી ગયું છે. જેમાં કોર્પો.ની શ્રી લક્ષ્મણ ટાઉનશીપ, આંગન ગ્રીન સીટી, સહિતના મોટા એકમોનું મોટું લેણું બાકી હોવાનું જાણવા મળેલ છે.

વેરાવિભાગ દ્વારા વેરાબીલમાં નળજોડાણ લીંકઅપ કરવા અને બંધ હોય તેવા નળ જોડાણો અનલિંક કરવા માટે કવાયત હાથ ધરવામાં આવેલ જેમાં ખાસ કરીને સંપ કનેકશનોનો મોટો વેરો બાકી હોય તેમાં વિશેષ ધ્યાન આપવામાં આવેલ છતાં મિલ્કતના આસામીઓ અનેક વખત બદલી જવાના કારણે તેમજ નળ જોડાણ રદ કરાવ્યા બાદ વોટરવર્કસ વિભાગમાં રદ માટેની અરજી આપેલ ન હોવાથી આ પ્રકારના અનેક નળ જોડાણો આજે પણ ન હોવા છતાં મનપાના ચોપડે બોલી રહ્યા છે. તેનો વેરો વ્યાજ સાથે દર વર્ષે ચડત થઈ રહ્યો છે. છેલ્લા ૧૨ વર્ષમાં વેરાવિભાગ દ્વારા અનલીક કરવાના થાય છે. અથવા લીંકઅપ કરવાના થાય છે. તે પૈકી આટલા નળ જોડાણોનો તાળો આજ સુધી મળ્યો નથી અને વર્ષો વર્ષ વ્યાજ સહિત ચડત થતી રકમ ૨૫૧ કારોડે પહોંચી છે. છતાં દર વર્ષે પાણીના ખર્ચામાં મોટી ખાધ પડી રહી છે અને મનપાની વાર્ષિક આવકમાં દર વર્ષે મોટુ ગાબડું જોવા મળી રહ્યું છે. આ પ્રકારના નળ જોડાણોમાં દિવસેને દિવસે વધારો જોવા મળી રહ્યાનું પણ વેરાવિભાગમાંથી જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા આજથી ૨૦ વર્ષ પહેલા નળ જોડાણ અપાતા હતા ત્યારે ચોપડા પર આસામીઓનું નામ અને વિસ્તાર તેમજ શેરી નં. લખવામાં આવતા હતા તે સમયે મોબાઈલ ન હતાં. વર્ષો જતાં તમામ વિભાગ કોમ્પ્યુટરાઈઝ થઈ જતા વેરાબીલમાં નળ કનેક્શનનું લીંકઅપ કરવા માટે પ્રથમ મોબાઈલ નંબરના આધારે કાર્યવાહી શરૂ કરવામાં આવી ત્યાર બાદ મેન્યુઅલી આપવામાં આવેલ કનેક્શનોના ચોપડાઓ વોટરવર્કસ વિભાગ પાસેથી મંગાવેલ જેમાં અડધો અડધ ચોપડાઓ ન હોવાનું અથવા ચોપડા રદી હાલતમાં હોય તેમાંથી નળ કનેક્શનોની વિગત મેળવવી અઘરી બની હતી.

**રાજકોટ અગ્નિકાંડમાં ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરાઈ**

# ૧૫ આરોપી સામે ૨ લાખથી વધુ પાનાંની ચાર્જશીટ, ૩૫૦ સાક્ષીનાં નિવેદન ને ૧૫,૦૦૦ પેજના દસ્તાવેજી પુરાવા મુકાયા

રાજકોટ,તા.૨૫

આજથી (૨૪ જુલાઈ ૨૦૨૪) ૫૯ દિવસ, પહેલાં એટલે કે ૨૫ મે ૨૦૨૪ના રાજકોટની એક ઘટનાએ રાજકોટ જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું હતું. એમાં નાના મવા રોડ પર આવેલા ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ નિર્દોષ લોકો ભૂંજાઈ ગયા હતા. આગની દુર્ઘટનામાં મનપા તંત્રની ગંભીર બેદરકારી હોવાનું સામે આવતાં રાજકોટ મનપાના તત્કાલીન ટીપીઓ, ચીફ ફાયર ઓફિસર તેમજ ઝેમ ઝોનના સંચાલકો સહિત કુલ ૧૫ આરોપીની ધરપકડ કરવામાં આવી છે. એ બધા આરોપી હાલ જેલના સળિયા પાછળ છે. ૨૫ જુલાઈના રોજ ઘટનાને ૬૦ દિવસ પૂર્ણ થઈ રહ્યા છે, માટે નિયમ મુજબ આ પહેલાં આજ રોજ ઇન્વેસ્ટિગેશન ઓફિસર ક્રાઈમ ભરત બસિયા દ્વારા ૧૫ આરોપી સામે ૨ લાખથી વધુ પાનાંની ચાર્જશીટ ૩ મોટા થેલામાં ભરી કોર્ટમાં લઈ જવામાં આવી હતી. આ ચાર્જશીટમાં ૩૫૦ જેટલા સાહેદોનાં નિવેદન તેમજ ૧૫ હજારથી વધુ



પાનાંના દસ્તાવેજી પુરાવા મૂકવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ ભાસ્કર પરેશ અપહરણ કેસમાં પોલીસે આનાથી મોટી ચાર્જશીટ ફાઈલ કરી હતી, કારણ કે આ કેસમાં કુલ ૫૦ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

રાજકોટના નાના મવા રોડ પર ગેમ ઝોન અગ્નિકાંડમાં ૨૭ લોકોનાં મોત થતાં પોલીસે સાપરાધ મનુષ્યવધ સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધી હતી. આ ઘટના બાદ ગુનાની તપાસ માટે રચાયેલી સીટ દ્વારા આજરોજ ૨૪ જુલાઈ ૨૦૨૪ બુધવારે આ કેસની ચાર્જશીટ કોર્ટમાં રજૂ કરી હતી. ટીઆરપી ગેમ ઝોન સાથે સંકળાયેલા ધવલ ઠક્કર, યુવરાજસિંહ સોલંકી, રાહુલ રાઠોડ, નીતિન જૈન, અશોકસિંહ જાડેજા, કિરીટસિંહ જાડેજા, વેલ્ડિંગ કોન્ટ્રેક્ટર મહેશ રાઠોડ તેમજ મનપાના પૂર્વ ટીપીઓ મનસુખ ધનજીભાઈ સાગઠિયા, મનપાના જ અન્ય અધિકારીઓ ગૌતમ દેવશંકર જોષી, મુકેશ રામજીભાઈ મકવાણા, જયદીપ બાલુભાઈ ચૌધરી, રાજેશ નરશીભાઈ મકવાણા સાથે ફાયરબ્રિગેડના તત્કાલીન ચીફ ફાયર ઓફિસર ઈલેશભાઈ વાલાભાઈ ખેર, ડે. ચીફ ફાયર ઓફિસર ભીખાભાઈ જીવાભાઈ ઠેબા અને સ્ટેશન ઓફિસર રોહિત આસમલભાઈ વીગોરા મળી ૧૫ આરોપી સામે ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી છે.

સીટના તપાસનીશ અધિકારી ક્રાઈમ બ્રાન્ચના એસીપી ભરત બસિયાએ આ ચાર્જશીટ રજૂ કરી છે. આ કેસમાં ૩૫૦ જેટલા સાહેદોનાં નિવેદનો લેવામાં આવ્યાં છે તેમજ સજ્જડ પુરાવા સાથેની ચાર્જશીટ રજૂ કરવામાં આવી છે. ચાર્જશીટમાં ૧૫ હજારથી વધુ કેસ પેપર-કમ-દસ્તાવેજી પુરાવાઓ સામેલ કરવામાં આવ્યા છે. નિયમ મુજબ દરેક આરોપીને ચાર્જશીટની કોપી આપવાની હોય છે. એ જોતાં ૨ લાખથી વધુ પાનાં તૈયાર કરવામાં આવ્યાં છે અને ક્રાઈમ બ્રાન્ચ દ્વારા કુલ ૩ મોટા થેલામાં ચાર્જશીટ લઈ જવામાં આવી હતી.

# સિટીબસમાં હવે સિનીયર સીટીઝન્સને ફ્રી મુસાફરી માટે આજીવન પાસ ઈશ્યુ કરાશે

### ફ્રી બસ મુસાફરી યોજનામાં ૧૪-કેટેગરીમાં સમાવિષ્ટ દિવ્યાંગ વ્યકિત અને સહાયકને લાભની અમલવારી શરૂ

રાજકોટ,તા.૨૪

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા મંજૂર કરવામાં આવેલ બજેટના અનુસંધાને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર દ્વારા ગત સપ્તાહે તમામ લગત શાખાધિકારીઓ સાથે બજેટમાં જાહેર થયેલ યોજનાઓની સમયબધ્ધ અમલીકરણના સ્ટેટસ રીવ્યુ અંગે યોજેલ મીટીંગના અનુસંધાને સીટી બસ સેવા અને બી.આર.ટી.એસ. બસ સેવા અંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દ્વારા વિસ્તૃત માહિતી મેળવી અને તા.૧૯/૭ થી આ લોકભોગ્ય યોજનાની અમલવારી શરૂ કરાવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા નિર્મિત રાજકોટ રાજપથ લિ. દ્વારા શહેરી બસ સર્વિસ તથા બી.આર.ટી.એસ. બસ સર્વિસનુ સંચાલન કરીને રાજકોટ શહેરના લાખો નાગરિકોને જાહેર પરિવહનની સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી રહેલ છે. જેમાં આ ફ્રી મુસાફરી યોજનાનો લાભ સીનીયર સીટીઝન્સ ઉપરાંત થેલેસેમીયાગ્રસ્ત તથા જુવેનાઈલ ડાયાબીટીકને આવરી લેતી દિવ્યાંગોની કુલ ૨૧ કેટેગરીમાં સમાવિષ્ટ નાગરીકોને મળવાપાત્ર છે.

રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના રાજકોટ રાજપથ લિ. સંચાલિત બી.આર.ટી.એસ. બસ સર્વિસ તથા શહેરી બસ સર્વિસમાં વરિષ્ઠ નાગરિકો(સિનિયર સિટીઝન્સ), જુવેનાઇલ ડાયાબીટીક અને થેલેસેમીયાગ્રસ્ત સહિત દિવ્યાંગોની ૨૧ કેટેગરીમાં સમાવિષ્ટ વ્યક્તિઓ વિનામુલ્યે મુસાફરી કરવા માટેના પાસ મેળવવા માટેની અરજી પ્રક્રિયા માટે બે પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સ (એક ફોટો ફોર્મમાં ચોંટાડવો અને એક ફોટો સાથે જોડવો), ફોટો આઈ.ડી. પ્રૂફની નકલ (પાન કાર્ડ/ઈલેકશન કાર્ડ/આધાર કાર્ડ/ડ્રાઈવિંગ લાઈસન્સ), એડ્રેસ પ્રૂફની નકલ (રેશન કાર્ડ/ગેસ કનેક્શન બીલ/ઈલેક્ટ્રીસીટી બીલ) તેમજ દિવ્યાંગો માટે સિવિલ સર્જનનો દાખલો/સરકાર દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ ગ્ઉ ઈઉ (ગ્નક્ષશીય ઉશતફબશહશું ઈઉ) સહિત સંપૂર્ણ ભરેલ અરજીપત્રક સાથે રજુ કરવાના રહેશે.સંપૂર્ણ વિગતો ભરેલું કેટેગરીવાઈઝ ફોર્મ, જરૂરી તમામ આધાર પુરાવા સાથે સવારે ૧૦.૩૦ થી બપોરે ૨.૦૦ તેમજ બપોરે ૨.૩૦ થી બપોર ૩.૩૦ સુધીમાં રાજકોટ મહાનગરપાલિકાની તમામ ૧૮ વોર્ડ ઓફિસે ઉપરાંત (૧)સિટી સિવિક સેન્ટર, સેન્ટ્રલ ઝોન; (૨)સિટી સિવિક સેન્ટર, ઈસ્ટ ઝોન; (૩)સિટી સિવિક સેન્ટર, વેસ્ટ ઝોન; (૪)સિટી સિવિક સેન્ટર, અમીનમાર્ગ; (૫)સિટી સિવિક સેન્ટર, કૃષ્ણનગર; (૬)સિટી સિવિક સેન્ટર, દેવપરા શાક માર્કેટ પાસે, કોઠારીયા રોડ, રાજકોટ ખાતે સ્વીકારવામાં આવશે.

# ૯૬ આસામીઓ પાસેથી ૨૭.૭૩૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત

### ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૩૨૮૦૦નો વહીવટી ચાર્જ વસુલ



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ ૨૨/૦૭/૨૦૨૪ થી ૨૩/૦૭/૨૦૨૪ ૨ દિવસ - ૨૦૨૧ અન્વયે તારીખ દરમિયાન ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં તા. ૨૨/૦૭/૨૦૨૪ થી ૨૩/૦૭/૨૦૨૪ ૨ દિવસ દરમિયાન ત્રણેય ઝોનમાંથી કુલ ૯૬ આસામીઓ પાસેથી ૨૭.૭૩૧ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૩૨૮૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા પાસેથી ૨૨.૬૯૧ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. ૪૫ આસામીઓ ૧૬૯૦૦/-નો વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૭ આસામીઓ પાસેથી ૩.૭ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮૩૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.

### મહારાષ્ટ્ર જેવી લાડલા ભાઈ યોજનાની ગુજરાતમાં માગ

# રાજકોટમાં PM, CMનું ફેસ માસ્ક પહેરી CYSSનું પ્રદર્શન, રોડ પર પસાર થતાં લોકોને લોલીપોપ વહેંચી



રાજકોટ,તા.૨૫

આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ છાત્ર યુવા સંઘર્ષ સમિતિ દ્વારા આજે અનોખો વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. રાજકોટમાં ઈઢજ્જ દ્વારા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલના ફેસ માસ્ક પહેરી હાથમાં લોલીપોપ રાખી અને ત્યારબાદ રસ્તે પસાર થતાં વાહનચાલકોને લોલીપોપ વહેંચી હતી. ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્ર સરકાર દ્વારા વિદ્યાર્થીઓને લાડલા ભાઈ યોજના અંતર્ગત સહાય આપવામાં આવતી હોય એ મુજબ ગુજરાતમાં આ યોજના શરૂ કરવા માંગ સાથે પ્રતિકાત્મક વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.

ઈઢજ્જ ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ સૂરજ બગડાએ જણાવ્યું હતું કે, તાજેતરમાં મહારાષ્ટ્રની ભાજપ સમર્થિત સરકારે જે ‘‘લાડલા ભાઈ’’ અને ‘‘લાડલી બહેન’’ યોજનાની મહારાષ્ટ્રમાં જાહેરાત કરી છે, જેમાં શિક્ષિત યુવાનોને તેમની શૈક્ષણિક લાયકાત અનુસાર સરકાર દ્વારા ૬૦૦૦, ૮૦૦૦ અથવા ૧૦૦૦૦નું અને શિક્ષિત યુવતીઓને આમ ૬૦૦૦થી ૧૫૦૦૦ સુધીની નાણાકીય સહાય દર મહિને આપવામાં આવશે. જે નિર્ણય મહારાષ્ટ્રના યુવાનો-વિદ્યાર્થીઓ માટે ખૂબ સારો કહી શકાય, પરંતુ જ્યારે વાત ગુજરાતના યુવાનોની આવે ત્યારે આજ ભાજપ સરકાર આવી યોજનાઓને મફત રેવડીનું નામ આપીને જવા દે છે.

ગુજરાતની જનતા છેલ્લા ૩૦ વર્ષથી ભાજપને બહુમતી આપી સરકારમાં બેસાડી રહી છે, છેલ્લી વિધાનસભા ચૂંટણીમાં ૧૫૬ બેઠકો આપી છે, તો ગુજરાતના યુવક-યુવતીઓને આવી મદદ કેમ નથી કરી રહ્યા? ગુજરાતના યુવાનો પણ બેરોજગારીથી પીડાય છે, પૈસાના અભાવે અભ્યાસ છોડી દે છે. તો ગુજરાતના યુવાનોનો શું વાંક છે કે, તેમની સાથે આવો ભેદભાવ શા માટે કરવામાં આવી રહ્યો છે? તેમજ ભાજપના નેતાઓ તેમના તમામ ભાષણોમાં સબ કા સાથ, સબ કા વિકાસ અને એક ભારત, શ્રેષ્ઠ ભારતની વાત કરે છે. એક જ દેશના બે યુવાનો વચ્ચે આવો ભેદભાવ શા માટે? ગુજરાતના તમામ યુવાનો- યુવતીઓ વતી અમારી છાત્ર યુવા સંઘર્ષ સમિતિ-ઈઢજ્જની માંગ છે કે, ગુજરાતના શિક્ષિત યુવાનોને પણ દર મહિને આ પ્રકારની સહાય આપવામાં આવે, તેવી તાત્કાલિક ધોરણે યોજના જાહેર કરી અને અમલમાં મૂકવામાં આવે. જો આમ નહીં કરવામાં આવે તો હવે ગુજરાતના યુવાનો અને તેમના વાલીઓ એવું માનશે કે, આટલા વર્ષ થયા જનતા વોટ આપ્યા તેમ છતાં, ગુજરાત માટે મોદી સરકારનું વલણ ‘‘ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આટા’’ જેવું છે અને ગુજરાત સરકાર ગુજરાતના યુવાનો માટે અસંવેદનશીલ છે.

# રાજકોટની ૧૦૦ વર્ષ જુની લાખાજીરાજ માર્કેટ ખાલી કરાવાશે ૧૦૪ વેપારીઓને નોટીસ

## મનપા દ્વારા ભયગ્રસ્ત જાહેર કરાયેલી હેરીટેજ સમાન માર્કેટને તા.૨૯ સુધીમાં ખાલી કરાવવા તજવિજ

રાજકોટ,તા.૨૪

રાજકોટ શહેરમાં ધર્મેન્દ્રરોડનાં છેડે આવેલી હેરીટેજ સમાન વર્ષોજુની અને રાજકોટથી સૌપ્રથમ એવી જુની લાખાજી રાજ માર્કેટનાં થડા અને વધાર ધારકોને પાંચ જ દિવસમાં માર્કેટ ખાલી કરી દેવા માટે મનપાના એસ્ટેટ વિભાગે આજરોજ નોટીસો ફટકારતા અહીનાં વેપારીઓમાં ભારે ખળભળાટ સાથે રોષની લાગણી છ્વાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં મહાનગર પાલિકાએ લાખાજીરાજ અને હાલમાં જયારે ભારે વરસાદની શકયતાઓ દર્શાવાઈ છે. ત્યારે મનપાએ આ બાબતને ધ્યાને રાખી આજરોજ માર્કેટનાં ૧૦૪ દુકાન વખાર અને ગોડાઉન ધારકોને પાંચ જ દિવસમાં માર્કેટ ખાલી કરી દેવા માટે નોટીસો ફટકારતા હાલમાં અત્રે વેપાર કરતા ૨૫ જેટલા વેપારીઓમાં ભારે રોષની લાગણી છ્વાઈ છે.

આ માર્કેટમાં વેપાર કરતા હિતેષભાઈ સાકરીયા, સહિતનાં વેપારીઓએ જણાવેલ હતું કે આ માર્કેટ ૧૦૦ વર્ષેથી જૂની અને હેરીટેજ કક્ષાની છે. અત્રે વેપારીઓ ૮૦ વર્ષ કરતા વધુ સમયથી વેપાર કરે છે. અને સંપૂર્ણ સેટઅપ તથા વેપાર ગોઠવાયેલા છે. ઉપરાંત વેપારીઓએ એવું પણ જણાવેલ હતું કે અમે સ્ટેટનાં ભાડૂઆત છીએ. નહી કે મ્યુ.કોર્પોરેશનનાં આમ છતા તાજેતરમાં મનપાએ આ માર્કેટને ભયગ્રસ્ત જાહેર કહી દિધી છે.હકિકત એ છે કે આ માર્કેટ પુરી રીતે ભયગ્રસ્ત છે જ નહીં.અને જે થોડી જગ્યા ભયગ્રસ્ત છે તેના રિનોવેશન માટે વેપારીઓએ મ્યુ.કોર્પોરેશનનાં સતાવાળાઓને અનેકવાર રજૂઆતો પણ કરી છે. છતા આજ સુધી મનપાનાં સતાવાળાઓએ રિનોવેશન કરાવ્યું નથી.અને હવે જેઓનાં અહીં વેપાર-ધંધા છે તેની ઉપર મ્યુ.કોર્પોએ તરાપ મારી છે.

આથી આ માર્કેટનાં વેપારી મંડળનાં આગેવાનો મ્યુ.કમિશ્નરને રજૂઆત કરવા માટે આજે બપોરે દોડી ગયા છે. વેપારીઓ એવું પણ જણાવે છે કે અત્રે પાંચ જ દિવસ એટલે કે તા.૨૯ સુધીમાં માર્કેટ સંપુર્ણ ખાલી કરવી અશકય છે.અત્રે એ પણ ઉલ્લેખનીય છે કે, અંદાજે ૧૦૦ વર્ષે જુની આ માર્કેટની જાળવણી માટે બજેટમાં જોગવાઈ પણ થતી હતી.

**હાથ ધરાતા હાલમાં માર્કેટમાં વેપાર કરતા ૨૫ જેટલા વેપારીઓમાં રોષ રજૂઆત માટે મ્યુનિસિપલ કમિશ્નર પાસે દોડયા**

નોંધનિય બાબત એ પણ છે કે, આ માર્કેટની પાછળ આવેલ ઘી કાંટા રોડ ઉપર ભાભા બજારમાં થોડા દિવસો અગાઉ જ આગ લાગતા ભારે અફડા-તફડી મચી ગઈ હતી.આગની ઘટના સમયે ફાયરવાન માંડ...માંડ ઘટના સ્થળે પહોંચી શકયા હતાં.આ ગંભીર બાબતને પણ ધ્યાને રાખી મનપાનાં સતાવાળાઓએ તા.૨૯ સુધીમાં આખી માર્કેટ ખાલી કરાવવા કવાયત હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. મનપાનાં સત્તાવાળાઓ એવું પણ જણાવે છે કે અડધી માર્કેટ તો, વર્ષોથી બંધ જ છે.

## યુનિ.ની કરોડોની જમીનનું કૌભાંડ ફરી ધણધણ્યુ કુલપતિ દ્વારા મ્યુ.કમિશ્નરને રજૂઆત

# સૌરાષ્ટ્ર યુનિ.ની ૧૫૪૭ ચો.મીટર જમીન TPમાં આવતી ન હોવા છતાં કબ્જો લઈ કૌભાંડ

### ■ રાજય સરકારને વખતો વખત પત્ર વ્યવહાર કરી રજૂઆત કરી છે : ડો.ડોડીયા




રાજકોટ તા.૨૫

સૌરાષ્ટ્ર યુનિ.ની કરોડોની સરકારી જમીનનું કૌભાંડ ફરી ધણધણી ઉઠયું છે. આ પ્રકરણમાં યુનિ.ના કાર્યકારી કુલપતિ ડો.ડોડીયા દ્વારા મ્યુ.કમિશ્નર દેસાઈને પત્ર પાઠવી રજૂઆત કરી છે.વર્ષ-૨૦૨૧થી આ જમીન વિવાદ લબકારા મારી રહ્યો છે. યુનિ.ની ૧૫૪૭ ચો.મી. આ સરકારી જમીન મ્યુ.કોર્પો.એ બિલ્ડર લાડાણી ગ્રુપના હવાલે કરી દીધાનું ચર્ચાઈ રહ્યું છે.અહીં એ ઉલ્લેખનીય છે કે ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડ બાદ ધડાધડ જમીન કૌભાંડ બહાર આવી રહ્યા છે. જેમાં યુનિ.ની કરોડોની સરકારી જમીનનું કૌભાંડ પણ ફરી ધણધણતા આ પ્રકરણ ટોપ ઓફ ધ ટાઉન બનવા પામેલ છે.

આ અંગે યુનિ.ના કાર્યકારી કુલપતિ ડો.ડોડીયાએ જણાવ્યું હતું કે ૧૯૬૮થી આ જમીન સૌરાષ્ટ્ર યુનિ.ની માલીકીની છે. કરોડોની આ જમીનનો સૌરાષ્ટ્ર યુનિ.ની જાણ બહાર મ્યુ.કોર્પો.એ કબ્જો લઈ લીધો હતો.આ બાબતે યુનિ. દ્વારા સૌરાષ્ટ્ર યુનિ. દ્વારા અત્યાર સુધીમાં રાજય સરકાર સાથે ૧૦ વખત પત્ર વ્યવહાર કરવામાં આવેલ છે. આ પ્રકરણમાં અગાઉ પણ મ્યુ.કોર્પોરેશનને રજૂઆત કરવામાં આવી હતી. તેમજ ચાલુ માસમાં પણ તેઓએ આ અંગે નવા મ્યુ.કમિશ્નર દેસાઈને આ મામલે રજૂઆત કરી આ પ્રકરણમાં એક તરફી કાર્યવાહી થયાની ફરિયાદ કરવામાં આવી છે. આ જમીન પણ સૌરાષ્ટ્ર યુનિ.ને મળે તે માટે કાર્યવાહી કરાશે.

ચર્ચાતી વિગતો મુજબ રૈયા ગામની ટીપી સ્કીમ નંબર ૧૬ બનાવવામાં આવેલ ત્યારે યુનિ.ની આ કરોડોની જમીન ટીપી સ્કીમના નામે મ્યુ. કોર્પો.એ હસ્તગત કરી હતી ત્યાર બાદ આ જમીન બિલ્ડર લાડાણી ગ્રુપને લ્હાણી કરી દીધાની ફરિયાદ ઉઠતા વિવાદ ઉભો થવા પામેલ હતો. આ અંગે યુનિ. દ્વારા જેતે સમયે મહેસુલ મંત્રી, શિક્ષણ મંત્રી, કલેકટર, મ્યુ.કમિશ્નર સહિતનાને ફરિયાદ કરવામાં આવી હતી પરંતુ તેનું પરિણામ શુન્ય રહેવા પામેલ હતું. હવે યુનિ.ના કાર્યકારી કુલપતિ ડો. ડોડીયા યુનિ.ને આ ૧૫૪૭ ચો.મી. જમીન પરત અપાવવામાં સફળ થશે કે કેમ? તે તો આગામી સમય બતાવશે.

## ગેમઝોનની જમીનના શરતભંગ કેસમાં રૂા. ૨૬.૨૧ લાખના દંડની રકમ ભરપાઈ કરાઈ



### કલેકટરના હુકમ બાદ અપીલમાં જવાનું માંડી વાળ્યું

રાજકોટ, તા.૨૫

ટીઆરપી ગેમ ઝોન શરતભંગ કેસમાં જિલ્લા કલેકટર દ્વારા ફટકારાયેલ રૂા. ૨૬.૨૧ લાખના દંડની રકમ જમીન માલીક જાડેજા પરિવાર દ્વારા ભરપાઈ કરી દેવામાં આવી છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે નાના મવા સર્વે નં. ૪૯ની ટીપી નં. ૨૦ની ૧૪૮૮૨ ચો.મીટર રહેણાંકના હેતુ માટેની આ જમીન પર કોમર્શિયલ હેતુ માટે ટીઆરપી ગેમ ઝોન ખડકી શરતભંગ થયાનું અગ્નિકાંડ બાદ ખુલ્યુ હતું.

આ અગ્નિકાંડમાં ૨૭ જેટલા નિર્દોષ વ્યકિતઓનો ભોગ લેવાતા હાહાકાર મચી જવા પામેલ હતો. ટીઆરપી ગેમ ઝોનની જમીનના શરતભંગ કેસમાં જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા જમીન માલીકોને રૂા. ૨૬.૨૧ લાખનો દંડ ફટકારવામાં આવેલ હતો.

તેની સાથોસાથ અપીલમાં જવાનો સમય પણ જમીન માલીક જાડેજા પરિવારને આપવામાં આવેલ હતો. પરંતુ આ પરિવારે દંડની રૂા. ૨૬.૨૧ લાખની રકમ ભરપાઈ કરી દેવામાં આવી છે. તેની સાથોસાથ આ રહેણાંકની જમીન પર હાલ પાર્ટી પ્લોટનું બાંધકામ પણ ખડકાયેલ હોય,જો તેને ત્રણ માળમાં હેતુફેર કરાવી લેવા પણ અલ્ટીમેટમ આપવામાં આવેલ છે. અન્યથા પાર્ટી પ્લોટનું બાંધકામને પણ તોડી પાડવા હુકમ કરવામાં આવેલ છે.

## માર્કેટયાર્ડ કમિશન એજન્ટ એસો.ના પ્રમુખપદે અતુલ કમાણી

### સતત ત્રીજી ટર્મમાં વરણી ઉપપ્રમુખપદે કિશોર દોંગા





રાજકોટ તા.૨૫

રાજકોટ માર્કેટયાર્ડમાં કમીશન એજન્ટ એસોસીએશનના પ્રમુખપદે સતત ત્રીજી ટર્મ માટે જાણીતા વેપારી અતુલ કમાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. રાજકોટ માર્કેટયાર્ડની વહીવટી સહિતની બાબતોમાં સક્રીય રહીને સતાવાળાઓ સાથે તમામ બાબતોમાં સંકલન સાધીને વ્યવહારો કરતા કમીશન એજન્ટ એસોસીએશનની કારોબારી બેઠક યોજવામાં આવી હતી. પ્રમુખપદે ફરી વખત અતુલભાઈ કમાણી સર્વાનુમતે નિયુક્ત થયા હતા. ઉપપ્રમુખપદે મનસુખભાઈ પરસાણાની વરણી થઈ હતી. પુર્વ ઉપપ્રમુખ કીશોરભાઈ દોગા વ્યવસાય અર્થે બહાર જવાના હોવાથી તેમના સ્થાને પરસાણાની નિયુક્તિ થઈ હતી. યાર્ડના વેપારી-કમીશન એજન્ટોએ નવનિયુક્ત હોદેદારોને શુભેચ્છા-અભિનંદન પાઠવ્યા હતા.


## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા કેન્દ્રીય બજેટને સર્વાંગી વિકાસ માની આવકાર ૨૦૪૭નો રોડમેપ

રાજકોટ,તા.૨૪: કેન્દ્રીય નાણામંત્રીશ્રીમતી નિર્મલા સિતારામન દ્વારા ઈન્ટરીમ બજેટનો સમાવેશ કરી વર્ષ ૨૦૨૪-૨૫ નું સાતમું સંપર્ણ બજેટ રજુ કરવામાં આવ્યું છે. જેને રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી સર્વાંગી વિકાસ માની આવકારે છે. ભારતની અર્થવ્યવસ્થા મજબુત બની છે અને મોંઘવારી નિયંત્રણમાં છે. તેમજ વિકસીત ભારત ૨૦૪૭નો રોડમેપ તૈયાર કરાયેલ છે.પમુખ વી.પી. વૈષ્ણવ, ઉપપ્રમુખ પાર્થભાઈ ગણાત્રા, માનદમંત્રી નૌતમભાઈ બારસીયા, સહમંત્રી ઉતસવભાઈ દોશી, ટ્રેઝરર વિનોદભાઈ કાછડીયાએ આ બજેટને આવકારતા તમામ વર્ગોનો સમાવેશ કરાયેલ છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર
Dt.25/7/2024 THURSDAY


# રાજકોટનાં ૮ સહિત સૌરાષ્ટ્રનાં ૩૧ ડેમો ઓવરફ્લો

## ૨૪ કલાકમાં વધુ ૨૨ ડેમોમાં ૦.૫ થી ૬.૫ ફુટ નવા નીરની આવકઃ રાજકોટ જિલ્લાનાં ૨૭ ડેમોમાં ૫૦ ટકાથી વધુ જળસંગ્રહ થઇ ગયો



રાજકોટ, તા.૨૫

છેલ્લા કેટલાક દિવસોથી મેઘરાજા સૌરાષ્ટ્ર ઉપર મહેરબાન થયા છે અને સતત ધોધમાર વરસી રહ્યા છે. આથી જળાશયોમાં પણ પ્રચંડ રીતે નવા નીરની આવક થઇ રહી છે. સૌરાષ્ટ્રનાં ૮૩ પૈકી ૩૧ ડેમો ઓવરફ્લો થઇ રહ્યા છે.

આ અંગેની સિંચાઇ વિભાગનાં સુત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ જિલ્લાનાં મોજ, ફોફળ, વેણુ-૨, આજી-૨, સોડવદર, ન્યારી-૨ અને ભાદર-૨ સહિત કુલ ૮ ડેમો ઓવરફ્લો થઇ ગયા છે.

જયારે મોરબીનો મચ્છુ-૩ અને જામનગર જિલ્લાના સસોઇ, પન્ના, ફુલઝર-૧ અને ૨, ડાઇમીણસર, ઉંડ-૩, વાડીસંગ, ફુલઝર (કોબા), રૂપારેલ અને ઉમીયાસાગર સહિત ૧૦ ડેમો ઓવરફ્લો થઇ રહ્યા છે.

આ ઉપરાંત દ્વારકા જિલ્લાનાં પણ એક ડઝન પૈકી ૧૧ ડેમો ઓવરફ્લો થઇ રહ્યા છે. જેમાં ઘી, વર્તુ-૧, ગઢકી, વર્તુ-૨, સોનમતી, શેઢા ભાડથરી, વેરાડી-૧, સિંધણી, કાબરકા, વેરાડી-૨ અને મીણસર (વાનાવડ)નો સમાવેશ થાય છે. દરમ્યાન છેલ્લા ૨૪ કલાક દરમ્યાન પણ રાજકોટ જિલ્લાનાં ૮ સહિત સૌરાષ્ટ્રનાં ૨૨ ડેમોમાં ૦.૫ થી ૬.૫ફુટ સુધીનાં નવા નીરની આવક થઇ છે.

જેમાં ભાદર-૧માં ૦.૫ ફુટ, આજી-૧માં ૦.૧૩ ફુટ, આજી-૩માં ૦.૫ ફુટ, સોડવદરમાં ૨ ફુટ, સુરવોમાં સવા ફુટ, ન્યારી-૨માં ૦.૫ ફુટ અને છાપરવાડી-૨માં દોઢ ફુટ નવા નીરની આવક થવા પામી છે.

આ ઉપરાંત મોરબી જિલ્લાનાં મચ્છુ-૨માં ૦.૧૬, ડેમી-૧માં પોણો ફુટ અને ડેમી-૨માં ૦.૧૬ ફુટ નવા નીરની આવક થવા પામી છે. જયારે જામનગર જિલ્લાનાં સાત ડેમોમાં પણ નવા નીર આવ્યા છે.

જેમાં વિજરખીમાં ૨ ફુટ, ફોફળ-૨માં ૦.૩૦, ઉંડ-૧માં ૧.૧૨ ફુટ, કંકાવટીમાં પોણા ત્રણ ફુટ, ઉંડ-૨માં ૦.૩૩ ફુટ તથા ફુલઝર (કોબા)માં બે ફુટ અને રૂપાવટીમાં દોઢ ફુટ નવા નીરની આવક થવા પામી છે. તેમજ દ્વારકા જિલ્લાનાં ચાર ડેમોમાં નવા નીર આવ્યા છે. જેમાં ઘી ડેમમાં ૧ ફુટ, વર્તુ-૨માં એક ફુટ, વેરાડી-૧માં ૨.૧૩ ફુટ અને વેરાડી-૨માં ૬.૪૬ ફુટ નવા નીરની આવક થવા પામી છે. ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લાનાં ૨૭ ડેમોમાં આજ સુધીમાં ૫૦ ટકાથી વધુ નવા પાણીનો સંગ્રહ થઇ ગયો છે.

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકા પાસે આવેલ ઉમિયાસાગર ડેમ ઓવરફ્લો થતાં ડેમના ૮ દરવાજા ૯ મીટર ખોલવામાં આવ્યા છે,જેના હેઠવાસમાં આવતા રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના રબારીકા,હરિયાસણ, ચારેલીયા, ખારચીયા અને રાજપરા ગામના લોકોને સાવચેત રહેવા તથા ગામના લોકોને નદીના પટમાં અવર જવર ન કરવા જણાવવામાં આવ્યું છે.

રાજકોટ તા. ૨૪ જુલાઈ - રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના ભાદર-૨ ડેમના ઉપરવાસમાં સતત પાણીની આવક ચાલુ હોવાથી પાણીનું રૂલ લેવલ જાળવવા ડેમના ૪ દરવાજા ૦.૬૬ મીટર ખોલવામાં આવ્યા છે, આથી ડેમના હેઠવાસ વિસ્તારમાં આવેલા ભોળા, ભલગામડા, છાડવાવદર, સુપેડી, ડૂમીયાણી, ચીખલીયા, સમઢીયાળા, ગણોદ, ભીમોરા, ગાધા, હાડફોડી, ઈસરા, કુંડેચ, લાઠી મજેઠી, લાઠી, નીલાખા અને તલંગાણા ગામોના નીલાખા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા, માલ મિલકત તથા ઢોર-ઢાંખરને ન લઈ જવા તથા સાવચેત રહેવા રાજકોટ સિંચાઇ વિભાગના કાર્યપાલક ઇજનેરનીયાદીમાં જણાવાયું છે.

રાજકોટ તા. ૨૪ જુલાઈ - રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના ન્યારી - ૨ ડેમમાં ૧૦૦ % પાણી ભરાયેલ હોવાથી ડેમનો એક દરવાજો ૦.૦૭૬ મીટરે ખોલવામાં આવ્યો છે. આથી નદીના ઘટમાં આવેલા પડધરી તાલુકાના ગોવિંદપર, રામપર, તરઘડી, વણપરી અને ખામટા ગામોના લોકોને તાત્કાલિક સલામત સ્થળે ખસી જવા અને નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા રાજકોટ સિંચાઈ પુર વર્તુળ એકમની યાદીમાં જણાવ્યું છે.

# જીમના શોખ પુરા કરવા ભાજપ આગેવાનના પુત્ર પાર્થ મકવાણાએ બુટલેગરના પુત્ર સાથે મળી ડ્રગ્સનો ધંધો શરૂ કર્યો

## રાજકોટ ભક્તિનગર સોસાયટીમાંથી બંને શખ્સોને દબોચી ૯૮.૫૪ ગ્રામ મેફેડ્રોન સહિત રૂા.૧૦.૦૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

રાજકોટ. તા.૨૫

રાજકોટ શહેરને ઉડતા પંજાબ બનાવે તે પહેલાં જ એસઓજીની ઝાંબાઝ ટીમે ભક્તિધામ સોસાયટીમાં દરોડો પાડી ૯૮.૫૪ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે જસદણ તાલુકા ભાજપના આગેવાનના પુત્ર પાર્થ મકવાણા અને રાજકોટના બુટલેગરના પુત્ર સાહિલ સોઢાને દબોચી લઈ કુલ રૂ.૧૦.૦૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી સઘન પૂછ્છપરછ હાથ ધરી હતી.



જીમના શોખ પુરા કરવાં મુંબઈથી લાખો રૂપિયાનું ડ્રગ્સ ખરીદી રાજકોટ લાવી એક ગ્રામની પડીકી રૂ.૨૫૦૦ માં વેંચી બંને શખ્સો મોટા પેડલર બની ગયાં હોવાનું ખુલ્યું હતું. દરોડાની વિગત મુજબ, શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા એ શહેર વિસ્તારના યુવાનો નશાના રવાડે ન ચડે તે માટે નાર્કોટિક્સ પદાર્થોનું વેંચાણ અટકાવવા મિશન અંતર્ગત પેડલરો વિરૂદ્ધ કાર્યવાહી કરવાની આપેલ સૂચનાથી એસઓજી પીઆઇ જે.એમ.કૈલા ની રાહબરીમાં ટીમ પેટ્રોલિંગમાં હતી.

ત્યારે હેડ કોન્સ્ટેબલ ઘનશ્યામસિંહ પ્રતાપસિંહ, ઉપેન્દ્રસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ હાર્દિકસિંહ જગતસિંહને ૧૫૦ ફૂટ રીંગરોડ પર અમૃત સાગર પાર્ટી પ્લોટ પાસે ભક્તિધામ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૧૯ માં ડ્રગ્સનું વેંચાણ થાય છે, તેવી ચોક્કસ બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડી ફ્લેટમાંથી તેમાં રહેતાં પાર્થ દેવકુ મકવાણા (ઉ.વ.૨૧) અને તેના મિત્ર સાહિલ ઉર્ફે નવાબ અયુબ સોઢા (ઉ.વ.૨૪),(રહે. ખોડીયારનગર શેરી નં.૧૫, હૈદરી મસ્જિદની પાછળ) ની ધરપકડ કરી ફ્લેટમાંથી મેફેડ્રોન ડ્રગ્સ ૯૮.૫૪ ગ્રામ રૂ.૯.૮૫ લાખ, બે આઈફોન, બે વજન કાંટા, વેક્યુમ કોથળી -૧૦૭ મળી કુલ રૂ.૧૦.૦૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, પાર્થ મકવાણા મૂળ જસદણનક વતની છે અને તે અહીં રહી બીસીએનક અભ્યાસ કરે છે. તેમજ તેના પિતા નિવૃત શિક્ષક અને જસદણ તાલુકા અનુ. જાતીના મહામંત્રી હતાં. તેમજ તેમની સાથેનો સોહિલ ધો.૯ પાસ છે

# ચાર મહિલા સહિત ૨૨ જુગારીઓ ઝડપાયા, પાંચ ફરાર

## ખારચિયા, અડવાળ, ચાંપરાજપુર અને વિરપુરમાંથી જુગારીઓને દબોચી લઈ રોકડ રૂા.૫૩ હજાર કબ્જે કર્યા

રાજકોટ તા.૨૫

ખારચિયા, અડવાળ, ચાંપરાજપુર અને વિરપુરમાંથી ચાર મહિલા સહિત ૨૨ જુગારીઓ ઝડપાયાં હતાં જ્યારે પાંચની શોધખોળ હાથ ધરવામાં આવી છે. પોલીસે રોકડ રૂ.૫૩ હજાર કબ્જે કરી જુગાર ધારાની કલમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રથમ દરોડાની વિગત મુજબ ભાયાવદર પોલીસે ખારચિયા ગામના બસસ્ટેન્ડ પાસે ખુલ્લા પટમાં જુગાર રમતાં દીનેશ ઉર્ફે હીતેશ કરશનભાઈ મહીડા, મયુર હરીભાઈ મહીડા, કેશવ પમાભાઈ કટારીયા, જેન્તી ઉર્ફે જેનાભાઈ બેચરભાઈ કટારીયા, નરેશ વાલજીભાઈ વારગીયા (રહે તમામ ખારચિયા ગામ) ને દબોચી લઈ રોકડ રૂ. ૪૭૮૦ કબ્જે કર્યા હતા.

બીજા દરોડાની વિગત મુજબ જામકંડોરણા પોલીસે અડવાળ ગામમાં જુગાર રમતાં છત્રપાલસિહ ઉર્ફે રાજદીપસિંહ કીરીટસિંહ જાડેજા, નવીનચંદ્ર નાનજીભાઈ ગોવાણીને પકડી પાડયા હતા. જ્યારે ભુપતસિંહ કલુભા જાડેજા, યુવરાજસિંહ બહાદુરસિંહ જાડેજા, મનોજ જીણાભાઈ કોળી, દાનભાઈ રબારી, રાજેન્દ્ર વેલજીભાઈ વિરાણી નાસી ગયા હતા. પોલીસે રોકડ રૂ.૧૭૨૮૦ કબ્જે કર્યા હતા.

આ ઉપરાંત રાજકોટ રૂરલ એલ.સી.બીની ટીમ પેટ્રોલિંગમાં હતી દરમિયાન ચાંપરાજપુર ગામમાં પત્તા ટિંચતા મનોજ ઉમાશંકરભાઈ લાલા, સોહન રાજારામ આહીરવાલ દીનાનાથ નારાયણ નીપાદ, જયદીપ છોટુભાઈ મકવાણા, અજયબાલુ જયદ્રથભાઈ જાટવ, સોનુ રાજુભાઈ જાટવ, ધનંજય મકઈભાઈ મંડલ, નંદકુમાર શંકરતાતે, મુકેશ લલન કુસવાને દબોચી લીધા હતા.

# મનપા.નાં વોર્ડ નં.૩ના લોકદરબારમાં ૯૦ પ્રશ્નો/રજૂઆતો રજૂ કરવામાં આવ્યા


રાજકોટ,તા.૨૫

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના જુદા જુદા વોર્ડ વિસ્તારમાં પ્રાથમિક સુવિધાના કામો, આંતરમાળખાકીય વિકાસના કામો તથા પ્રવાસન અને હરવા ફરવાના સ્થળ વિકસાવવાના લોકોપયોગી અને પ્રજાકીય કામો કરવામાં આવે છે. આ કામો વધુ સારી રીતે અને સમયમર્યાદામાં થાય તે રીતે પૂર્ણ કરવા માટે નાગરિકોને સાથે રાખી તેઓની રજુઆતો, પ્રશ્નો, ફરિયાદો અને સુચનો આવકારવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને વોર્ડવાઈઝ મેયર તમારા દ્વારે(લોક દરબાર)નું તા.૨૨/૭ થી તા.૧૩/૮ દરમ્યાન વોર્ડવાઈઝ આયોજન કરેલ છે.

આ લોક દરબારમાં નાગરિકો તરફથી રજુ થનાર રજુઆત, પ્રશ્ન અને ફરિયાદનો સ્થળ પર/ટૂંકા સમયગાળામાં હકારાત્મક નિકાલ કરવાનો ઉમદા પ્રયાસ કરવામાં આવે છે. જે અંતર્ગત આજ તા.૨૪/૭ બુધવારના રોજ સવારે ૯ થી ૧૧ દરમ્યાન વોર્ડ નં.૩માં માં સંતોષી પ્રા.શાળા નં.૯૮, રેલનગર, ૮૦ ફૂટ રોડ, રાજકોટખાતે લોક દરબાર કાર્યક્રમ યોજાયો હતો. આ લોક દરબાર કાર્યક્રમના અધ્યક્ષ મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર ડી.પી.દેસાઈ, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા, તથા વોર્ડ નં.૩ના બહોળી સંખ્યામાં નાગરિકોઉપસ્થિત રહ્યા હતા.આ લોક દરબાર કાર્યક્રમમાં વોર્ડ નં.૩ના નાગરિકો દ્વારા વિવિધ શાખાની કુલ-૯૦ રજુઆતો/પ્રશ્નો રજુ કરવામાં આવી હતી, આ રજુઆતો/પ્રશ્નોનો ટૂંકા સમયગાળામાં નિકાલ કરવામાં આવનાર છે. વધુમાં વોર્ડ નં.૩ના નાગરિકો દ્વારા સિંચાઈ લગત, સફાઈ બાબત, વરસાદી પાણી ભરાવા અંગે, અન્ડરબ્રિજ-ઓવરબ્રિજ બનાવવા અંગે, ડામર રોડ કરવા બાબત, મેટલીંગ કરવા બાબત, રોડ ડિવાઈડર ખોલવા બાબત, નવા રોડ ખુલ્લા કરવા બાબત, આરોગ્ય કેન્દ્ર અને આંગણવાડી બનાવવા,રેલનગર વિસ્તારમાં આવેલ તમામ ટાઉનશીપમાં સોલાર સિસ્ટમ નાખવા માટે, વોર્ડ નં.૩માં લાઈબ્રેરી અને સ્વિમિંગ પુલ બનાવવા માટે, રેલ્વે સ્ટેશનવાળો રોડ પહોળો કરવા, પોપટપરાનું નાલુ પહોળું કરવા અરજદારો દ્વારા રજૂઆતો કરવામાં આવી હતી. આજના રોજ સવારે ૯ થી ૧૧ દરમ્યાન વોર્ડ નં.૪માંવોર્ડ નં.૪, સંત વેલનાથ કોમ્યુનિટી હોલ પાર્કિંગ, મોરબી રોડ, જકાતનાકા પાસે, રાજકોટ ખાતેમેયરશ્રી તમારા દ્વારે (લોક દરબાર) કાર્યક્રમ યોજાશે.

# વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરતું કેન્દ્રીય બજેટ સમાજના તમામ વર્ગને ઉર્જા આપનારૂઃ ભૂપત બોદર

## દેશના ગામડાં, ગરીબો, ખેડૂતોને સમૃધ્ધિની રાહ પર અગ્રેસર કરતું બજેટ આપવા બદલ માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ,નાણામંત્રીશ્રી નિર્મલા સીતારામનજી અને કેન્દ્ર સરકારને અભિનંદન પાઠવતા રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદર



રાજકોટ.તા.૨૪

જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ એ દેશના યશસ્વી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારના ત્રીજા કાર્યકાળનું બજેટ રજુ કરનાર કેન્દ્રીય નાણાંમંત્રીશ્રી નિર્મલા સીતારામન ધ્વારા રજુ કરવામાં આવેલ ૨૦૨૪૨૫ના બજેટને આવકારતા જણાવેલ કે છેલ્લા દશ વર્ષોમાં નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતનો આર્થિક વિકાસ એક ઉતમ ઉદાહરણ બની ગયો છે.

દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સતાને સાધના માની દેશને વિકાસની રાહ પર અગ્રેસર કર્યો છે અને અનેકવિધ લોકહિતકારી અને નકલ્યાણકારી યોજનાઓ અમલમાં મુકી છે ત્યારે ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રવાદની વિચારધારા આગળ વધારી ગામડા, ગરીબ, દલિત, વંચિત, યુવાઓ, મહિલાઓ માટે કામ કરતા આગળ વધી રહયા છે.

ત્યારે માનનીય કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીએ રજુ કરેલું કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત' ના વિઝનને સાકાર કરનારા રોડમેપ સમાન છે. ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી ઈકોનોમી બનાવવાની દિશામાં આ બજેટ ખૂબ મહત્વનું સાબિત થશે. મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું આ પ્રથમ બજેટ એ લોકસભા ચૂંટણીમાં આપેલા વચનોને નિભાવીને કરોડોદેશવાસીઓની આશા-અપેક્ષા અને સપનાઓની પરિપૂર્તિ કરનારું છે. ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશકિતના સામર્થ્યને ઉજાગર કરતી વિવિધ યોજનાઓ આ બજેટમાં રજૂ કરવામાં આવી ૠ

વધુમાં ભૂપતભાઈ બોદરએ જણાવેલ કે કેન્દ્રીય બજેટમાં કૃષિ ક્ષેત્રે અનેક પ્રોત્સાહક યોજનાઓ જાહેર કરવામાં આવી છે જેમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને મદદ અપાશે. ૩૨ પાકોની ૧૦૯ વેરાઈટી, ઉચ્ચ ઉપજ સાથે ૧૯ વેરાઈટી, સરસવ, મગફળી, સનફલાવર અને સોયાબીન જેવા પાકો પર ધ્યાન અપાશે. ૪૦૦ જિલ્લામાં પાકનું ડિજિટલ સર્વે કરાશે. એક વર્ષમાં એક કરોડ ખેડૂતો નેચરલ ફાર્મિંગમાં જોડાશે. તેમજ છ કરોડ ખેડૂતોની માહિતી જમીન રજીસ્ટ્રીમાં લાવવામાં આવશે. આ વર્ષે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો માટે ૧.૫૨ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.૫ રાજયોમાં કિસાન ક્રેડિટ કાર્ડ યોજના લોન્ચ કરાશે. જમીનની માપણી માટે ભૂમિ આધાર યોજનાની જાહેરાત કરવામાં આવી છે. આમ આ કેન્દ્રીય બજેટમાં કૃષિમાં ઉત્પાદકતા અને અનુકૂલનક્ષમતા, રોજગાર અને કૌશલ્ય તાલીમ, સમાવિષ્ટ માનવ સંસાધન વિકાસ અને સામાજિક ન્યાય, ઉત્પાદન અને સેવાઓ, શહેરી વિકાસ, ઈન્ફ્રાસ્ટ્રકચર, નવીનતા, સંશોધન અને વિકાસ ક્ષેત્રે અનેકાનેક ઉત્સાહપ્રેરક જોગવાઈઓનો સમાવેશ કરી સર્વસ્પર્શી અને સર્વવ્યાપી બજેટ જાહેર કરવામાં આવ્યું છે.

તેમજ ખેતીમાં ઉત્પાદન વધારવા માટે રિસર્ચ પર વધુ ધ્યાન આપવામાં આવ્યું છે. કૃષિ અને તેના સહાયક ક્ષેત્રો માટે ૧.૫૨ લાખ કરોડની ફાળવણી. દેશમાં ઉચ્ચ શિક્ષણ માટે દસ લાખ કરોડની લોન સ્કીમની જાહેરાત કરવામાં આવી છે. ગ્રામીણ વિકાસ માટે ઈન્ફ્રા માટે ૨.૬૬ લાખ કરોડની ફાળવણી. ખજખઊ ની મદદ માટે ફાઈનાન્સિયલ રેગ્યુલેટરીમાં બદલાવો કરવામાં આવશે. મૌસમથી ઓછું નુકશાન થાય તેવી ખેત પેદાશ ઉત્પાદન કરવા પર વધુ ધ્યાન આપવામાં આવેલ છે.

આમ વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરતું આ કેન્દ્રીય બજેટ સમાજના તમામ વર્ગને ઉર્જા આપનારુ છે ત્યારે દેશના ગામ, ગરીબો, ખેડૂતોને સમૃધ્ધિની રાહ પર અગ્રેસર કરતું બજેટ આપવા બદલ બજેટને આવકારી માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ,નાણામંત્રીશ્રી નિર્મલા સીતારામનજી અને કેન્દ્ર સરકારને અભિનંદન પાઠવતા અંતમાં રાજકોટ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ ભૂપતભાઈ બોદરએ જણાવેલ હતું.

# રાજકોટમાં બે દિવસ અતિભારે વરસાદની આગાહી

## શહેરમાં સાંજના ૭ વાગ્યા સુધીમાં ૧.૮૨ ઈંચ વરસાદ નોંધાયો, વરસાદી ઝાપટાથી ઠંડક પ્રસરી





રાજકોટ.તા.૨૪

હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની કરેલી આગાહીને પગલે ગઈકાલ મોડી રાતથી રાજકોટમાં વરસાદી વાતાવરણ વચ્ચે ઝાપટા સતત વરસી રહ્યા છે. રાજકોટ શહેરમાં રાત્રિના ૧૨ વાગ્યાથી સાંજના ૭ વાગ્યા સુધી ૧.૮૨ ઈંચ વરસાદ નોંધાયો છે. જોકે, બપોરે ૩થી ૪ વાગ્યા દરમિયાન શહેરમાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. ત્યારે આજે એક ઈંચથી વધુ વરસાદ આવતા રાજકોટ શહેરમાં સિઝનનો કુલ વરસાદ ૧૨.૨૬ ઈંચથી વધુ નોંધાઈ ચૂક્યો છે. સતત વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે.

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં બે દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેના પગલે રાજકોટ શહેરમાં પણ ગત મોડી રાત્રિના ૨ વાગ્યાથી બપોરના ૧ વાગ્યા સુધીમાં ૧ ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે. હજુ પણ સતત વરસાદી માહોલ વચ્ચે છૂટોછવાયો વરસાદ શહેરના અલગ-અલગ વિસ્તરોમાં વરસી રહ્યો છે. અસહ્ય ઉકળાટ અને બફારા વચ્ચે ગઈકાલ રાતથી મેઘરાજાએ ધીમીધારે રાજકોટ શહેરમાં પધરામણી કરી છે, જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી છે. રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ, માધાપર, ગાંધીગ્રામ, રેસકોર્સ, યાજ્ઞિક રોડ, ગોંડલ રોડ, મવડી પ્લોટ, રૈયા, યુનિવર્સીટી રોડ, કાલાવડ રોડ સહિત સમગ્ર રાજકોટમાં છૂટો-છવાયો વરસાદ વરસી રહ્યો છે.

રાજકોટ શહેરમાં આજે મધરાત્રિના ૨ વાગ્યાથી આજે બપોરના ૧ વાગ્યા સુધીમાં રાજકોટના સેન્ટ્રલ ઝોનમાં ૧ ઈંચ, પૂર્વ ઝોનમાં અડધો ઈંચ અને પશ્ચિમ ઝોનમાં ૧ ઈંચ વરસાદ વરસ્યો છે. આ પછી પણ છૂટો-છવાયો ઝાપટા સાથે શહેરમાં સતત વરસાદ વરસી રહ્યો છે અને સવારથી જ રાજકોટમાં વરસાદી વાતાવરણ છવાયેલું છે. આ ઉપરાંત રાજકોટ જિલ્લાના ધોરાજી, ગોંડલ, જામકંડોરણા, ઉપલેટામાં પણ વરસાદી માહોલ વચ્ચે છુટો-છવાયો વરસાદ વરસી રહ્યો છે.

# પોરબંદર, જામનગર, ભૂજના ૨૬ ગામોના વિજળી ગૂલ

### સૌરાષ્ટ્ર–કચ્છમાં વરસાદને કારણે PGVCLના ૨૦૨ ફીડર, ૯૫૯ વિજ પોલ, 68 TC ડેમેજ

રાજકોટ.તા.૨૫

સૌરાષ્ટ્ર અને કચ્છમાં હાલ ચોમાસામાં મેઘરાજા મહેરબાન થયા છે. ત્યારે ક્યાંક મુશળધાર તો ક્યાંક ઝરમર વરસાદ વરસી રહ્યો છે તેવામાં વીજપોલને ખાસ્સુ નુકસાન પહોંચ્યું છે. વરસાદને કારણે પોરબંદર, જામનગર અને ભુજના ૨૬ જેટલા ગામોમાં વીજળી ગૂલ થઈ ગઈ છે. સૌરાષ્ટ્ર-કચ્છમાં ડસ્ટ્રીક્ના ૯૫૯ વિજ પોલ ધરાશાયી થઈ ગયા હોવાનુ સામે આવ્યુ છે. જ્યારે 68 TC ડેમેજ થઈ ગયા છે. વીજ પુરવઠો ખોરવાઈ જતા લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. વિજ પુરવઠો બંધ થઈ જતા લોકોના અનેક કામો અટકી પડ્યા હતા.

PGVCLના જણાવ્યા પ્રમાણે, પોરબંદરમાં વીજળીના ૯ ફીડર બંધ છે. ૬ ગામોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો છે. જ્યારે ૨૮૭ વીજ પોલને નુકશાન પહોંચતા રિસ્ટોર કરવાની કામગીરી કરવામાં આવી હતી. જ્યારે ત્યાં 20 TC ડેમેજ થઈ ગયા હતા. જ્યારે રાજકોટ ગ્રામ્યમાં વરસાદને કારણે ૩૦ વીજ પોલને નુકશાન પહોચ્યું હતું. જ્યારે જૂનાગઢમાં વરસાદને લીધે ૧૬૭ વિજ પોલ ડેમેજ થઈ ગયા હતા તો ૧૭ ઝઈને નુકશાન થયું હતું. જ્યારે જામનગરમાં વરસાદને લીધે ૭૮ ફીડર બંધ થઈ ગયા હતા તો ૨ ગામોમાં વીજ પુરવઠો બંધ થઈ ગયો હતો. જ્યારે સૌરાષ્ટ્ર કચ્છમાં સૌથી વધુ ૪૨૮ વીજ પોલ અને 30 TC ડેમેજ થઈ ગયા હતા.આ ઉપરાંત ભુજમાં વરસાદને લીધે ૯૫ ફીડર બંધ થઈ ગયા હોવાનું સામે આવ્યું હતું. જ્યારે ત્યાં ૧૮ ગામોમાં વીજ પુરવઠો ઠપ્પ થઈ ગયો હતો અને ૩૨ વીજ પોલ ડેમેજ થઈ ગયા હતા. અંજારમાં ૧૩ ફીડર બંધ થયા હતા તો ભાવનગરમાં ૩ વીજ ફીડર બંધ થઈ ગયા હતા અને ત્યાં ૧૫ વીજ પોલ અને ૧ ઝઈ ડેમેજ થઈ ગયું હતું. આ રીતે વરસાદને કારણે સૌરાષ્ટ્ર-કચ્છમાં ૨૦૨ વીજ ફીડર બંધ થઈ ગયા હતા. જેને લીધે લોકોના ઘરોમાં અંધારપટ છવાઈ ગયો હતો જેથી ાલઘ્ભહ ની ટીમ દ્વારા અલગ અલગ જગ્યાએ વીજ પોલના રીપેરીંગની સાથે વીજ પૂરવઠો પુર્વવત શરૂ કરવા માટેની કામગીરી કરવામાં આવી હતી.

કસમાં ફ્લેટ વેચવાનો છે
1 BHK (સેમી ફર્નિશ્ડ)
અંબિકા ભુવનેશ્વરી એપાર્ટમેન્ટ, ચોથો માળ, 3 મારુતિ નગર, એરપોર્ટ રોડ, રાજકોટ
: સંપર્ક કરો :
હેમલ વિઠ્ઠલાણી
મો.91065 15053

## બિહાર – આંધ્ર સિવાયના રાજયો સાથે ભેદભાવ ‘સરકાર બચાઓ બજેટ’

# બજેટ સામે વિપક્ષો આક્રમકઃ સંસદની અંદર - બહાર દેખાવો - હંગામો




નવી દિલ્હી તા.૨૪

કેન્દ્ર સરકારના બજેટ સામે વિરોધ પક્ષો આક્રમક બન્યા હતા અને બિહાર-આંધ્રપ્રદેશ સિવાયના અન્ય રાજયો સાથે ભેદભાવ કરાયો હોવાના આરોપ સાથે સંસદની અંદર અને બહાર હોબાળો સર્જયો હતો. દેખાવો-સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. રાજયસભામાં વિપક્ષી સભ્યોએ વોકઆઉટ કર્યો હતો.

કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામને ગઈકાલે નાણાંકીય વર્ષનું બજેટ પેશ કર્યુ હતું. રોજગારી, હાઉસીંગ, કૃષિ જેવા ક્ષેત્રોને પ્રાધાન્ય આપ્યુ હતું. એકસપ્રેસવે-પ્રવાસન જેવા પ્રોજેકટો ફાળવીને બિહાર તથા આંધ્રપ્રદેશ પર ખાસ ફોકસ રખાયુ હતું. જેડીયુ તથા ટીડીપીના નિર્ણાયક સમર્થનથી મોદી સરકારનુ ગઠન શકય બન્યુ હોવાથી બન્ને રાજયોને સાચવીને અન્યોને અન્યાય કરાયાનો વિપક્ષોએ આરોપ લગાવ્યો છે.

બજેટમાં અન્યાય સામે વિરોધ પ્રદર્શન કરવાના એલાન મુજબ આજે સંસદના સંકુલમાં બેનરો-સૂત્રોચ્ચારો કરવામાં આવ્યા હતા. સોનિયા ગાંધી- રાહુલ ગાંધી સહિતના નેતાઓ જોડાયા હતા. સમાજવાદી પાર્ટીના સાંસદ અખિલેશ યાદવે એમ કહ્યું હતું કે ખેડુતોને એમએસપી આપવાની જુની માંગ સ્વીકારાય નથી. ખેડુતોની માંગો સ્વીકારવાના બદલે સરકારમાં ભાગીદાર પક્ષોના રાજયોને ખેરાત કરી છે જેથી સરકારને બચાવી શકાય. મોંઘવારી માટે કોઈ નકકર પગલા નથી. ઉતરપ્રદેશમાં પણ ભાજપની સરકાર છે છતાં ત્યાંની અવગણના કરવામાં આવી છે.વિપક્ષી સભ્યોએ સંસદની બહાર મોટા પ્રમાણમાં દેખાવો કર્યા હતા અને મોદી સરકારે બજેટમાં ભેદભાવ કરાયાનો આરોપ લગાવ્યો હતો. સંસદની બહાર ઉપરાંત સંસદની અંદર પણ આ મામલે વિપક્ષી સભ્યોએ હંગામો સર્જયો હતો. બજેટના વિરોધમાં વિપક્ષી સભ્યોએ રાજયસભામાંથી વોકઆઉટ કર્યો હતો. કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે સરકારે રાજયો સાથે અન્યાય કર્યો છે અને તેનો વિરોધ કરવામાં આવશે.

આ દેશનુ બજેટ લાગતુ જ નથી. વિપક્ષ શાસીત રાજયો માટે બજેટમાં કાંઈ નથી અને માત્ર ‘સરકાર બચાવો’ બજેટ છે. લખનૌ (ઉતરપ્રદેશ)વાળાઓએ દિલ્હીમાં શાસન કરનારાઓને નારાજ કરી દીધા હોવાનું જણાય છે.

બિહારમાં પૂર રોકવા માટેની યોજના વિશે અખીલેશે એવો પ્રહાર કર્યો હતો કે બિહારમાં પુર સ્થિતિ રોકવા માટે ઉતરપ્રદેશનુ પાણી રોકવુ પડે. નેપાળથી ઉતરપ્રદેશમાં પુર અટકે તો બિહારમાં આપોઆપ સ્થિતિનો ઉકેલ આવી શકે છે.

કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ કહ્યું કે બજેટ અનુચિત છે.



# અમદાવાદમાં ૨.૫ લાખ રિક્ષા અને ૮૦ હજાર ટેક્સી ચાલકોની હડતાલ

## હડતાલને કારણે વિદ્યાર્થીઓ–વાલીઓ–મુસાફરોને ભારે હાલાકીઃ સફેદ નંબર પ્લેટ ધરાવતા ટુ–વ્હીલર બંધ કરાવવા માંગણી

રાજકોટ તા.૨૫

છેલ્લા દોઢ વર્ષથી અમદાવાદ શહેરના ઓટોરિક્ષા ચાલકો દ્વારા ઓનલાઇન એપ્લિકેશનથી ચાલતા સફેદ નંબર પ્લેટ ધરાવતા ટુ વ્હીલર બંધ કરાવવા માટે ઝૂંબેશ ચલાવવામાં આવી છે. અમદાવાદ શહેરમાં લગભગ અઢી લાખ કરતા પણ વધુ ઓટોરિક્ષા તથા ૮૦,૦૦૦થી વધુ ટેક્સી શહેરના રસ્તા ઉપર ફરે છે અને મુસાફરોને એક સ્થળથી બીજા સ્થળ પહોંચાડે છે. આજે સવારના ૬ વાગ્યાથી આ તમામ વાહનોના પૈડા થંભી ગયા છે. કારણ કે છેલ્લા દોઢ વર્ષથી સતત પ્રયાસો કર્યા હોવા છતાં તેમના પ્રશ્નોનું નિરાકરણ આવી રહ્યું નથી. તેથી હવે ઓટોરિક્ષા ચાલક અને ટેક્સી ચાલકો દ્વારા ગાંધી માર્ગે આંદોલન ઉચ્ચારવામાં આવ્યું છે. જેમાં અમદાવાદ શહેરના તમામ રિક્ષાચાલક યુનિયન તથા ટેક્સી ચાલક યુનિયન સાથે મળીને ‘‘રોજી-રોટી બચાવ આંદોલન’’માં સહભાગી થયા છે. અમદાવાદ શહેરના રસ્તાઓ ઉપર ઓટોરિક્ષા અને ટેક્સી દોડતી રહેતી હોય છે, પરંતુ તેમની માંગણી સંતોષાઈ ન હતી. આંદોલનની શરૂઆત કરવામાં આવી છે તથા ઓટોરિક્ષા અને ટેક્સી યુનિયનના પ્રમુખો દ્વારા આવતીકાલ સાંજ સુધીમાં સરકાર દ્વારા કોઈ ચોક્કસ ઉત્તર નહીં આપવામાં આવે તો આ આંદોલન લંબાઈ શકે છે. એમ્બ્યુલન્સ અથવા ૧૦૮નો સંપર્ક કરી શકો છો તથા અન્ય શહેરમાંથી આવતા મુસાફરોને આજે ઓટોરિક્ષા અથવા ટેક્સી નહીં મળે તેથી આ મુસાફરો એ જાતે જ પોતાની વ્યવસ્થા કરવી પડશે. સામાન્ય રીતે રેલવે સ્ટેશન એસટી બસ સ્ટેશન એરપોર્ટ અથવા શહેરના મુખ્ય જંકશન પરથી મુસાફરોને ઓટોરિક્ષા અથવા ટેક્સી મળી રહેતી હોય છે, પરંતુ આજે રિક્ષા અથવા ટેક્સીમાં મુસાફરી કરતા લોકો માટે સામાન્ય દિવસ નહીં હોય કારણ કે રિક્ષા ચાલકો અને ટેક્સી દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ગત ૨૨ જુલાઈના રોજ ઓટોરિક્ષા ચાલક યુનિયન દ્વારા અમદાવાદ જિલ્લા કલેકટરને મૌખિક અને લેખિત રીતે રજૂઆત કરવામાં આવી હતી. જેમાં તેમની મુખ્ય બે માંગણી હતી. (૧) ઓનલાઈન એપ્લિકેશન દ્વારા ચાલતા ગેરકાયદેસર સફેદ નંબર પ્લેટ વાળા ટુ વ્હીલર બંધ કરવામાં આવે અને(૨) ઓનલાઈન એપ્લિકેશન ઓનલાઈન ઉબેર અને રેપીડોની હેરાનગતિ બંધ કરવામાં આવે. અનેક વખત આ રજૂઆતો કરવા છતાં નિરાકરણ ન આવતા સવારથી જ ઓટોરિક્ષા ચાલકો અને ટેક્સી ચાલકો સાથે મળીને બંધ પાડયો છે.

# જયાપાર્વતીના જાગરણમાં લુખ્ખાઓના ઉજાગરાઃ પોલીસે પકડી-પકડીને સરભરા કરી

**વરસાદ વચ્ચે મોડી રાતે ફરવા નિકળેલી યુવતીઓને રોમીયોગીરી કરતા શખ્સો હેરાન કરે તે પહેલા જ પોલીસે પકડીને ઉઠક-બેઠક કરાવી**

### જિલ્લા પંચાયત ચોક, રેસકોર્સ, કેકેવી હોલ ચોક સહિતના વિસ્તારોમાં ક્રાઈમ બ્રાન્ચ, એસઓજી, પ્ર.નગર સહિતની પોલીસ સતત રાતભર કોમ્બીંગમાં રહી





રાજકોટ,તા.૨૪ઃ શહેરમાં ગઈરાતે જયાપાર્વતીના જાગરણ નિમિત્તે યુવતીઓ-મહિલાઓને લુખ્ખા તત્વો દ્વારા હેરાન-પરેશાન કરવામાં ન આવે તે માટે શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો તેમજ મોડી રાત સુધી રોમીયોગીરી કરનાર રોમીયોના જાહેરમાં સબક શીખડાવી ઉઠક બેઠક કરાવવામાં આવી હતી. પ્ર.નગર પોલીસની ટીમ સાથે સાથે ક્રાઈમ બ્રાન્ચ અને એસઓજીનો સ્ટાફ પણ રાતભર ફીલ્ડમાં રહ્યો હતો.

જયાપાર્વતીના વ્રતના અંતિમ દિવસે મહિલાઓને જાગરણ કરવાનું હોય છે જેથી યુવતીઓ અને મહિલાઓ રાતના સમય પસાર કરવા માટે રેસકોર્સ સહિતની જગ્યાઓ પર ફરવા માટે આવતી હોય છે ત્યારે ગઈકાલે પણ રીમઝીમ વરસાદ વચ્ચે અનેક મહિલાઓ રેસકોર્સ નજીક ફરવા માટે આવી હતી. ત્યારે ઘણા રોમીયો રોમીયોગીરી કરવા માટે રેસકોર્સ પહોંચ્યા હતા. રોમીયોગીરી કરતા શખ્સો કોઈ યુવતી કે મહિલાને હેરાન કરે તે પહેલા જ ફિલ્ડમાં રહેલ પોલીસે કેટલાક રોમીયોને સબક શીખડાવી સબક શીખવાડી હતી. જેથી પોલીસની હાજરીથી જયાપાર્વતીના જાગરણમાં મહિલાઓને કોઈપણ જાતની ખલેલ પહોંચી ન હતી અને રેસકોર્સમાં ફરવાની મોજ માણી હતી. મોડી રાતે પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ ભાર્ગવ ઝણકાટ, ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર. ગોંડલીયા, એસઓજીના પીઆઈ જે.એમ. કૈલા સહિતનો સ્ટાફ ફિલ્ડમાં ઉતરી આવ્યો હતો અને જીલ્લા પંચાયત ચોક, રેસકોર્સ, કેકેવી હોલ ચોક સહિતના વિસ્તારોમાં રાતભર કોમ્બીંગમાં ખડે પગે રહ્યા હતા.

# બે ૧૦૮ એમ્બ્યુલન્સ ટ્રાફીકમાં ૨૦ મિનિટ સુધી અટકી : ટ્રાફિક સમસ્યા ઉકેલ માટે સ્થાનિકોની માંગ

### ■ બે ૧૦૮ એમ્બ્યુલન્સ ટ્રાફીકમાં ૨૦ મિનિટ સુધી અટકી : ટ્રાફિક સમસ્યા ઉકેલ માટે સ્થાનિકોની માંગ




રાજકોટ : શહેરમાં હાલ વસ્તી અને તેથી વાહનોમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સાથે રસ્તાઓ પર પણ ટ્રાફિક જામના પ્રશ્નો રોજબેરોજ સર્જાતા હોય છે. ત્યારે માલવિયા ચોક સુધી પહોંચવા માટે ત્રિકોણ બાગથી દરરોજ ટ્રાફિક જામ રહેતો હોય છે.

ખાસ કરીને બપોર અને સાંજના સમયમાં ત્રિકોણ બાગ અને માલવિયા ચોક વચ્ચેના રોડમાં બસ, ટ્રક સહિતના મોટા વાહનોની અવર જવરના કારણે પણ ટ્રાફિક બ્લોક રહેતો હોય છે. એટલું જ નહિ આજે તો બે ૧૦૮ એમ્બ્યુલન્સ ૨૦ મિનિટ સુધી આ ટ્રાફિક જામમાં અટકી પડી. માલવિયા ચોકથી ત્યારબાદ ગોંડલ રોડ - લોઢાવાડ ચોક અને વિજય પ્લોટ સુધી પણ આ જ પ્રશ્ન છે.

ઉપરોક્ત વિસ્તારોમાં ખાસ કરીને માલવિયા ચોક પર ટ્રાફિક પોલીસમાંથી કોઈ વ્યક્તિ હતું નહિ. અને સ્થાનિકોને પૂછતા એવું જાણવા મળ્યું કે આ પ્રશ્ન દરરોજનો છે અને તેથી મોટી હાલાકી પડે છે. આ જાહેર માર્ગ પર ટ્રાફિક મેનેજમેન્ટ કરવાની ખૂબ જરૂર છે તેવી સ્થાનિકોની માંગ છે.

# વર્ષ ૨૦૨૫ની ગુજકેટ તા.૨૩ માર્ચના લેવાશેઃ રાજ્યના તમામ જિલ્લા મથકો પર કસોટી યોજાશે



રાજકોટ તા.૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર-માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૨૫ની ગુજકેટની પરીક્ષાની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. ડીગ્રી ઈજનેરી, ડીગ્રી-ડીપ્લોમા, ફાર્મસીના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે વિજ્ઞાન પ્રવાહના ગ્રુપ-એ અને ગ્રુપ એ-બીના વિદ્યાર્થીઓ માટે લેવાતી આ પરીક્ષા વર્ષ ૨૦૨૫માં તા.૨૩ માર્ચના રોજ લેવામાં આવનાર છે.

આ અંગે શિક્ષણ બોર્ડના પરીક્ષા નિયામક એમ.કે.રાવલે જણાવ્યું હતું કે તા.૨૩-૩-૨૦૨૫ને રવિવારે સવારના ૧૦થી બપોરના ૧૬ કલાક દરમિયાન જિલ્લા કક્ષાના કેન્દ્રો ખાતેથી લેવામાં આવશે.

ગુજકેટ ૨૦૨૫ના આવેદનપત્ર ઓનલાઈન ભરવાની તારીખ અને માહિતી પુસ્તિકા બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવશે ગુજકેટની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનનું પ્રશ્નપત્ર સંયુક્ત રહેશે કે ૪૦ પ્રશ્નો ભૌતિકવિજ્ઞાનના અને ૪૦ પ્રશ્નો રસાયણવિજ્ઞાનના એમ કુલ ૮૦ ગુણ અને ૧૨૦ મિનિટનો સમય આપવામાં આવશે. ઓએમઆર આન્સરશીટ પ્રત્યુતર માટેની રહેશે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : **રાજેશ ઉદયકુમાર બગડાઈ**
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# પાલતુ-રખડતા શ્વાન-પ્રાણીઓને હેરાન નહીં કરી શકાયઃ સરકારે નિયમો ઘડયા

અમદાવાદ તા.૨૪ઃ શહેરોની શેરીઓ તથા હાઉસીંગ સોસાયટીઓમાં પાલતુ શ્વાન કે અન્ય પ્રાણીઓને કારણે રહેવાસીઓ વચ્ચે થતાં આંતરીક ઝઘડા રોકવા માટે સરકાર દ્વારા ખાસ કાયદો ઘડવામાં આવ્યો છે.પાલતુ પ્રાણી ધરાવતાં પરિવારો ઉપરાંત રખડતા શ્વાનોને ખાવાપીવાનું આપતા લોકોને આ કાયદાથી રાહત મળવાની સંભાવના છે.

રજીસ્ટ્રાર ઓફ કો-ઓપરેટીવ સોસાયટી ગુજરાત દ્વારા ખાસ પરિપત્ર ઈસ્યુ કરવામાં આવ્યો છે. રખડતા ઢોર પ્રત્યે હિંસક કૃત્યો કરવા કે હેરાનગતિ કરવા પર રોક લગાવવામાં આવી છે અને આવા કૃત્યો કરનારા સામે કાનુની કાર્યવાહીની જોગવાઈઓ દર્શાવવામાં આવી છે.



**ગુજરાતની હાઉસિંગ સોસાયટીઓ માટે નિયમો સાથે પરિપત્ર ઈસ્યુઃ પાલતુ શ્વાન-પ્રાણીને ભોજન કરાવવા અલગ જગ્યા ફાળવવા-સમય નિર્ધારિત કરવો પડશેઃ ક્રુર વ્યવહાર નહીં કરી શકાયઃ સોસાયટી પ્રમુખ-સેક્રેટરીની જવાબદારીઃ કાનૂની પગલાની પણ જોગવાઈ**

પરિપત્રમાં એવુ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પાલતુ કે રખડતા શ્વાન કે અન્ય પ્રાણીઓ પ્રત્યે ક્રુરતાભર્યો કે હિંસક વ્યવહાર નહીં થઈ શકે અને તેઓની વસ્તીને નિયંત્રીત કરવા માટે માનવીય અભિગમ જ અપનાવવાનો રહેશે. કોઈપણ વ્યકિત શ્વાન, બિલાડી ગાય જેવા પ્રાણીઓ સાથે હિંસક અથવા હેરાનગતિ કરવા સમાન વ્યવહાર કરશે તો પ્રાણી સુરક્ષા અને કલ્યાણ સંગઠનો કાયદાકીય પગલા લઈ શકશે. હાઉસીંગ સોસાયટીઓમાં એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના નિયમો-માર્ગદર્શિકાનો અસરકારક અમલ કરવાની જવાબદારી પ્રમુખ અને સેક્રેટરીની રહેશે.

પરિપત્રમાં જણાવાયા પ્રમાણે તંદુરસ્ત ઈકો-સીસ્ટમ જાળવવા માટે હાઉસીંગ સોસાયટીઓએ સ્ટરીલાઈઝેશન સહિતની એસઓપીનુ પાલન કરવાનું રહેશે. પાલતુ પ્રાણીઓને ખાવાપીવાની સગવડતા માટે ચોકકસ જગ્યા ફીકસ કરવાની રહેશે. પાલતુ પ્રાણીઓને ખવડાવવા-પીવડાવવા માટેનો સમય બાળકોના રમવાના સમય તથા સોસાયટીના વૃદ્ધોના સૈર કરવાના સમયને ધ્યાને રાખીને નકકી કરવાનો રહેશે. પ્રાણીપ્રેમીઓ તથા પ્રાણી કલ્યાણ સંગઠનો દ્વારા સહકારના આ નિયમોને આવકારવામાં આવ્યા છે. પ્રાણીઓ પ્રત્યે લોકોના વ્યવહાર સામાન્ય બનવા સાથે તંદુરસ્ત માહોલ ઉભો થાય તે માટે આ પ્રકારના નિયમો લાંબા વખતથી જરૂરી હતી. શ્વાન કે પ્રાણીઓને ખવડાવવા-પીવડાવવા, પાલતુ પ્રાણીઓને સોસાયટીમાં ફેરવવા સહિતના મામલાઓમાં રહેવાસીઓ વચ્ચે તકરાર સર્જાતી હોય છે. કેટલીક સોસાયટીમાં તો પાલતુ પ્રાણી ધરાવતા પરિવારોને મકાન ભાડે પણ અપાતા નથી, પાલતુ પ્રાણીને સોસાયટીમાં ફેરવવા પણ દેવાતા નથી. આવા સંજોગોમાં નવા નિયમો રાહતરૂપ છે.

# શું આ છે સ્માર્ટ સિટી ? માત્ર અડધા ઈંચમાં પણ પાણી ભરાય

રાજકોટ, તા. ૨૪ઃ સૌરાષ્ટ્ર સાથે હવે દક્ષિણ તથા મધ્ય ગુજરાતમાં મેઘકૃપા વરસી રહી છે ત્યારે રાજકોટ શહેરમાં મેઘરાજા ક્યારે જમાવટ કરશે ? રાજકોટમાં છેલ્લા ૨૪ કલાકમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ૨૩ જુલાઈ બપોરે ૨ વાગ્યા થી આજે ૨૪ જુલાઈ બપોર ૨ સુધીમાં શહેરમાં પોણા બે ઈંચ વરસાદ નોંધાયો છે જેમાં સેન્ટ્રલ ઝોનમાં ૪૧ મીમી., પૂર્વ ઝોનમાં ૨૮ મીમી અને પશ્ચિમ ઝોનમાં ૩૭ મીમી વરસાદ નોંધાયો છે.

છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં સૌથી વધુ ગઈકાલે બપોરે ૩ થી ૫ વચ્ચે ૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. ત્યારે આજે સવારે ૭ વાગ્યાથી માત્ર ઝાપટાં શરૂ થયા હતા. આજે સવારે ૮ થી ૧૦ વચ્ચે અડધો ઈંચ નોંધાયો હતો. પરંતુ માત્ર અડધા ઈંચ વરસાદમાં પણ શહેરના માર્ગો પર પાણી ભરાયાં હતાં તેવી તસવીરમાં નજરે પડે છે.

સ્માર્ટ સિટીના ગુણગાન ગાતા શાસકો માત્ર અડધા થી એક ઈંચ જેવા વરસાદમાં પણ પાણીનો નિકાલ થાય તેવી વ્યવસ્થા નથી કરી શકતી.

# રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ચાંદીપુરા વાઈરસનું શંકાસ્પદ વધુ એક બાળક દાખલ

■ **પોરબંદરના રાણાવાવ તાલુકાના ૪ વર્ષના બાળકમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ લક્ષણ દેખાતા સેમ્પલ લેવાયા**

રાજકોટ, તા.૨૪ઃ આજે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં પોરબંદરના રાણાવાવ તાલુકાનો ૪ વર્ષનો બાળક દાખલ થયો છે. તેમાં ચાંદીપુરા વાઈરસના શંકાસ્પદ લક્ષણ દેખાતા સેમ્પલ લેવાયા છે.

અગાઉ જે દર્દી દાખલ હતા તેમાં સિવિલ હોસ્પિટલમાં ૭ માસની બાળકી હજુ ૧૫ દિવસ પહેલા જ મધ્યપ્રદેશથી ગોંડલ તાલુકાના એક ગામમાં પોતાના પરિવાર સાથે આવી હતી. તેને પ્રથમ ગોંડલની સરકારી હોસ્પિટલમાં ખસેડાઈ હતી, ત્યાંથી રાજકોટની ઝનાના હોસ્પિટલના ખાસ વોર્ડમાં રીફર કરાઈ છે. બાળકીની તબિયત સ્થિર છે. ઉપરાંત ૨ મહિના પહેલા દાહોદથી પડધરી તાલુકામાં આવેલી ૭ વર્ષની બાળકી અને મૂળ મહીસાગર પણ હાલ જામનગરના કાલાવડ તાલુકામાં રહેતી ૨ વર્ષની બાળકીનો સમાવેશ થાય છે. આમ, રાજકોટ સિવિલ હોસ્પિટલના ખાસ વોર્ડમાં હાલ ત્રણ દર્દી છે.



# દ્વારકામાં છેલ્લા 30 વર્ષનો સરેરાશ વરસાદ, પાંચ દિવસમાં વરસ્યો : ભારે નુકસાની : સર્વે કરવા આદેશ

- **અધિકારીઓ સાથે બેઠક યોજી મુખ્યમંત્રીએ સ્થળાંતરિત તથા અસરગ્રસ્ત વિસ્તારનાં લોકો માટે તમામ પ્રાથમિક સુવિધા પૂરી પાડવા આદેશ કર્યો**

જામખંભાળીયા, તા. ૨૪ઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓમાં ભારે વરસાદથી સર્જાયેલી સ્થિતિની જાત માહિતી મેળવવા અસરગ્રસ્ત જિલ્લાઓ ખાસ કરીને જામનગર અને દ્વારકા જિલ્લાના ગામોનું હવાઈ નિરિક્ષણ કર્યું હતું.

મુખ્યમંત્રીએ દ્વારકા અને જામનગર જિલ્લાના અધિકારીઓ, પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને જિલ્લા વહીવટીતંત્રને ભારે વરસાદમાં લોકોની સલામતી માટે ઝીરો કેઝ્યુઆલીટીના અભિગમ સાથે કાર્યરત રહેવા માર્ગદર્શન આપ્યું હતું.



દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર સહિત સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના જિલ્લાઓમાં છેલ્લા પાંચ દિવસથી વરસી રહેલા ભારે વરસાદના સંદર્ભે નીચાણ વાળા વિસ્તારોમાં પાણી ભરાતા જનજીવન પ્રભાવિત થતા મુખ્યમંત્રીએ દેવભૂમિ દ્વારકાની દરિયાઈ પટ્ટી અને અસરગ્રસ્ત વિસ્તારોનો તાગ મેળવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કુરંગા ખાતે જિલ્લાના અધિકારીઓ અને પદાધિકારીઓ સાથેની બેઠકમાં જિલ્લાની વરસાદની સ્થિતિ અને પ્રશાસન દ્વારા લેવાયેલા રાહત બચાવના પગલાનો ચિતાર મેળવીને સ્થળાંતરિત કરાયેલા લોકોને તમામ પ્રાથમિક સુવિધા મળી રહે તે માટેનું માર્ગદર્શન આપ્યું હતું.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, કુદરતી આફતોમાં બચાવ અને રાહત સહિતની કામગીરીમાં ટેકનોલોજીનો ઉપયોગ કરીને જાન માલને ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે પ્રશાસન સુસજ્જ છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે હવાઈ માર્ગે આ વિસ્તારની વરસાદની પરિસ્થિતિ અંગે જુદા જુદા વિસ્તારોમાં હવાઈ નિરીક્ષણ કર્યું હતું. તેમની સાથે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય તેમજ મુખ્ય સચિવ શ્રી રાજકુમાર પણ જોડાયા હતા. ત્યાર બાદ કુરંગા નજીકની આર.એસ.પી.એલ. કંપની ખાતે આવી પહોંચ્યા હતા. જ્યાં દ્વારકાના ધારાસભ્ય પબુભા માણેક તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવીએ તેમને આવકાર્યા હતા. ત્યાર બાદ ભારે વરસાદના પગલે દ્વારકા પંથકમાં થયેલી તારાજી અંગે તેમણે માહિતી મેળવીને ઘડી કંપની ખાતે અધિકારીઓ તેમજ જિલ્લાના હોદ્દેદારો સાથે ખાસ બેઠક હજી હતી.

## યુવા ભાજપ જૈન અગ્રણી જીવદયા પ્રેમી કેતનભાઈ સંઘવીનો આજે જન્મદિવસ



રાજકોટ, તા. ૨૪ઃ મૂળ જસદણના વતની હાલ રાજકોટ સ્થાયી થયેલ કેતનભાઈ સંઘવી, ૩૭માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. તેઓ રાજકોટ જીલ્લા ભાજપ આઇ.ટી.સેલના પ્રચાર-પ્રસારના ઈન્ચાર્જ અને ભાજપા સહયોગી સંગઠનના ઉપાધ્યક્ષ, શાસનસેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ અહિંસા ક્રાંતિ દૈનિક ન્યુઝના ઓલ ઈન્ડીયના બ્યુરો ચીફ અને જૈન સોશિયલ એક્ટિવિટી ક્લબના ઉપપ્રમુખ છે.

કેતનભાઈએ નાનીવયે જ સારી એવી લોકચાહના હાંસલ કરી છે અને જીવદયા પ્રેમી તેમજ ગૌરક્ષક તરીકે જાણીતા છે. તેઓ અખિલ ભારતીય ગૌરક્ષા મહા અભ્યાન સમિતિ દિલ્હીના સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી છે.

ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી તથા ઉપાધ્યક્ષ સામતભાઈ જેબલિયા, જૈન એલર્ટ ગ્રુપ, વિહાર સેવા ગ્રુપ, જૈન વિઝન અઅઅ ગ્રુપ, જૈન સંકલ્પ ભોજનાલય તેમજ રાજકોટ જીલ્લા ભાજપ અને વિવિધ સામાજીક સંસ્થાઓના આગેવાનો તેમજ મિત્ર વર્તુળો તરફથી કેતનભાઈના મોબાઈલ નંબર ૭૭૭૮૯ ૫૨૪૪૮ પર શુભેચ્છા પાઠવી છે.

## ધોરાજીમાં આખી રાત વરસાદ ચાલુ રહેતા સાંજે ચાર વાગ્યા સુધીમાં ૭ ઈંચ વરસાદ નોંધાયો

ધોરાજીઃ- ધોરાજીમાં આખી રાત વરસાદ ચાલુ રહેતા આજે સાંજે ચાર વાગ્યા સુધીમાં ૭ ઇંચ વરસાદ નોંધાયો

ધોરાજી પંથકમાં છેલ્લા પાંચ દિવસથી મેઘરાજાએ બેટિંગ શરૂ કરી છે હજુ શાંત થયા નથી ત્યારે ગઈકાલે રાત્રિના અચાનક ભારે વરસાદની સાથે રાત આખી વરસાદ ચાલુ રહેતા ૭ શક્ષભવ વરસાદ નોંધાયો છે



છેલ્લા પાંચ દિવસથી લોકોએ સૂર્યનારાયણ ભગવાનના દર્શન કર્યા નથી અને સતત ભેજને કારણે લોકો પણ મુશ્કેલી ભોગવી રહ્યા છે તેમજ ખેડૂતો પણ ભારે વરસાદ અને કારણે ખેતરમાં જઈ શકતા નથી અને ખેતરોમાં પાણી ભરાવાના કારણે નવા વાવેતરને પણ નુકસાની જોવા મળી રહી છે આ બાબતે મેઘરાજા ખામૈયા કરે તેવી લોકો પ્રાર્થના કરી રહ્યા છે હાલમાં ધીમીધારે વરસાદ ચાલુ છે અને સિઝન નો કુલ વરસાદ ૩૩.૫ ઇંચ નોંધાઈ ચૂક્યો છે સમગ્ર શહેરમાં ભારે વરસાદને કારણે નગરપાલિકાનું તંત્ર ઘોર નિષ્ફળતામાં જોવા મળી રહ્યું છે ઠેર ઠેર ખાડાઓ ભુવાઓ પડયા છે લોકો ને ચાલવામાં પણ મુશ્કેલી થતી હોય તે પ્રકારના રસ્તાઓ જોવા મળી રહ્યા છે સરકારે ફરી પ્રિ મોનસુન ની ગ્રાન્ટ મોકલી હતી પરંતુ યોગ્ય સમયે તેનો ઉપયોગ થયો નથી માત્ર કાગળ ઉપર જ એનો ઉપયોગ થયો હોય તેવી પણ લોકોમાં ચર્ચા વ્યાપી ગઈ છે

# સુત્રાપાડાના બરૂલાના તળાવ આસપાસ કોન્ટ્રાકટરે મનસ્વી રીતે ખોદકામ કરતા પાળો ક્ષતિગ્રસ્ત બન્યો

- **તંત્રની મીઠી નજર હેઠળ નેશનલ હાઈવેના કોન્ટ્રાક્ટરે નિયમોનેવે મુકીને બેફામ માટીનું ખોદકામ કરતા જીવ જોખમમાં મુકાયાનો ગ્રામજનોએ આક્ષેપો કર્યા**

વેરાવળ, તા. ૨૪: સુત્રાપાડા તાલુકાના બરૂલા ગામના તળાવમાંથી નેશનલ હાઈવેના કોન્ટ્રાકટર દ્વારા નિયમો વિરુદ્ધ માટીનું ખોદકામ કરી પરિવહન કરેલ જેના કારણે તળાવનો પાડો ક્ષતિગ્રસ્ત બની ગયો છે. જેના લીધે ગામની સીમમાં આવેલ હજારો વીઘા ખેતીની જમીન ઉપર તથા તાલુકા મથકને જોડતા મુખ્ય રસ્તો જોખમમાં મુકાયો હોય જે અંગે ભાજપના અગ્રણી દ્વારા ફરિયાદ કરવામાં આવતા સિંચાઈના અધિકારીઓએ સ્થળ ઉપર દોડી આવી તપાસ હાથ ધરી છે. ત્યારે આ મામલે હવે કોન્ટ્રાકટર સામે કાર્યવાહી થાય છે કે કેમ તે જોવું રહેશે.



બરૂલા ગામ ઉપર મંડરાઈ રહેલા જોખમ અંગે ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ જીવાભાઇ વાળા એ જણાવેલ કે, છેલ્લા ચારેક માસ દરમ્યાન બરૂલા ગામની સીમમાં આવેલ તળાવમાંથી નેશનલ હાઈવેનું કામ કરતી એજન્સીના કોન્ટ્રાકટર દ્વારા મનસ્વી રીતે આડેધડ ખોદકામ કરીને માટી ઉપાડવાની કામગીરી કરી છે. જેના કારણે તળાવના પાળાને વ્યાપક નુકસાન પહોંચ્યું હોવાથી હાલ ક્ષતિગ્રસ્ત બની ગયો છે. આ તળાવના ક્ષતિગ્રસ્ત પાળાને અડીને આવેલ આલીદ્રા ગામને જોડતો મુખ્ય રસ્તો પણ ધસી જવાની ભિતી વર્તાઈ રહી છે તો આસપાસ આવેલ ખેડુતોની હજારો વીઘા ખેતીની જમીન ઉપર જોખમ મંડરાયુ છે. કારણ કે, જો તળાવનો પાળો તુટી જશે તો હજારો ખેતીની જમીન ઉપર લહેરાતા પાક ઉપર પાણી ફરી વળશે જેથી ખેડુતોની મહેનત નિષ્ફળ જવાની સાથે બેહાલ બની જશે. ત્યારે આ અંગે ફરીયાદ કરતા સિંચાઈ વિભાગના અધિકારીઓએ સ્થળ મુલાકાત લઈને સ્થળ નિરીક્ષણ હાથ ધર્યુ છે. આ તળાવની પરિસ્થિતિ જોતા કોન્ટ્રાક્ટર દ્વારા નિયમોને નેવે મુકીને ગેરકાયદેસર કામગીરી કરી હોય તેવું જણાય રહ્યુ છે ત્યારે તેની સામે કાયદેસરની કાર્યવાહી થાય તેવી માંગ છે.

જ્યારે ગામ લોકોનો આક્ષેપ છે કે, જીલ્લામાં રાજકીય માથાઓની છત્રછાયામાં તેમના મળતીયાઓ કોન્ટ્રાક્ટ મેળવીને ગામડાઓમાંથી બેફામ માટી ખોદી રહ્યા હોવાથી લોકોના જીવ પર જોખમ ઉભુ થયું છે. નિયમો નેવે મુકીને મંજૂરી કરતા વધારે ખોદાણ કરતા હોવાથી ખેતરો ધોવાઈ જવાની ભિતી સર્જાય છે.

કોન્ટ્રાકટર મંજૂરી કરતા વધુ ખોદાણ કરતા હોવા છતાં તંત્ર અટકાવતુ નથી. આમ તંત્ર અને કોન્ટ્રાકટરની મિલી ભગતના લીધે અમારા વિસ્તારમાં ભવિષ્યમાં કોઈ દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની રહેશે ? આ સવાલ વચ્ચે ગામના હિતમાં આવા બેફામ બનેલા કોન્ટ્રાકટર સામે તંત્ર કાર્યવાહી કરશે કે

## અવસાન નોંધ



**વેરાવળઃ** સ્વ. હિરજીભાઈ તલશિભાઈ કાનાબાર (પીપળવા વાળા)ના પુત્ર સ્વ. વિનોદભાઈ હીરજીભાઈ કાનાબાર (ઉ. વ. ૫૮) વેરાવળ તેઓ અ.ની. રતીભાઈ કાનાબાર. અ.ની. પરસોતમભાઈ તથા સુંદરજીભાઈ.. અ.ની.રમેશભાઈ તથા ચંદુભાઈ (તાલાળા) ના નાનાભાઈ તે તમન્ના બેન તથા જસ્વિરા બેનના પિતાશ્રી તેમજ અક્ષય તથા રૂપેન (તાલાળા)ના કાકાનુ તારીખ ૨૩/૦૭/૨૦૨૪ ને મંગળવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

સદગતનુ ઉઠમણુ તારીખ ૨૫ને ગુરૂવાર સમય બપોરે ૦૪ થી ૦૫ જૈન દેરાસર હોલ શિક્ષકકોલોની બિલેશ્વર મંદિર ની સામે જૈન દેરાસર વેરાવળ મુકામે રાખેલ છે.

# સોમનાથ મંદિરમાં બહારના બ્રાહ્મણો પાસે પૂજા કરાવતા ટ્રસ્ટ અને તીર્થ પુરોહિતો વચ્ચે વિવાદ સર્જાયો

વેરાવળ, તા. ૨૪: સોમનાથ મંદિરમાં ટ્રસ્ટ દ્વારા બહારના બ્રાહ્મણો પાસે પૂજા પાઠ કરાવતા હોવાને લઈ સ્થાનિક સોમપુરા બ્રહ્મ સમાજના તીર્થ પુરોહિતોમાં રોષ ફેલાયો છે ટ્રસ્ટના આ નિર્ણયનો વિરોધ કરવા આજે સવારથી સોમપુરા તીર્થ પુરોહિતો ધરણા ઉપર બેસી ગયા હતા ત્યાંથી તેઓને પોલીસ દ્વારા અટકાયત કરી પોલીસ સ્ટેશને લઈ જવામાં આવ્યા હતા જ્યાં તીર્થ પુરોહિતો દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા.

છેલ્લા થોડા દિવસોથી સોમનાથ મંદિર ટ્રસ્ટ અને સ્થાનિક સોમપુરા બ્રહ્મ સમાજ વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે જેનો કોઈ ઉકેલ ના આવતા આજે સવારથી મંદિર પરિષદની બહાર સોમપુરા બ્રહ્મ સમાજના તીર્થ પુરોહિતો દ્વારા ઉપવાસ છાવણીમાં બેસી જઈ ધરણા ઉપવાસ શરૂ કરી ટ્રસ્ટના સેક્રેટરી ‘‘યોગેન્દ્ર દેસાઈ હાય હાય ના નારા‘‘ નારા લગાવ્યા હતા. જેથી પોલીસ સ્ટાફ દ્વારા તીર્થ પુરોહિતોની અટકાયત કરી પોલીસ લઈ જવામાં આવ્યા હતા જોકે પોલીસ સ્ટેશનની લોબીમાં બેસીને તીર્થ પુરોહિતો દ્વારા ટ્રસ્ટના અકળ વલણ સામે વિરોધ પ્રદર્શન ચાલુ રાખી મંત્રોચ્ચાર બોલવાનું શરૂ કર્યુ હતુ.

પોલીસ કાર્યવાહીના વિરોધમાં સોમપુરા બ્રહ્મ સમાજના આગેવાનોએ સ્ટેશનમાં જ અનશન ચાલુ કર્યાની જાહેરાત કરી હતી ઉપવાસ પર બેસેલ એક મહિલાની તબિયત લથડી જતા



૧૦૮ સેવા ને બોલાવી સારવાર આપવામાં આવી હતી જોકે આ ઉપવાસની જાણ થતાં કોંગ્રેસના નેતા હીરાભાઈ જોટવા અને સોમનાથના ધારાસભ્ય વિમલ ચુડાસમાએ પોલીસ સ્ટેશનને જય તીર્થ પુરોહિત તો પાસેથી સમગ્ર મામલો જાણ્યો હતો અને બાદમાં બંને નેતાઓએ પત્રકારોને જણાવેલ કે આજનો દિવસ સોમનાથ માટે કલંકિત સમાન છે અને સોમનાથ ટ્રસ્ટ સોમપુરા સમાજની માંગ સત્વરે સ્વીકારવી જોઈએ તેવી અપીલ કરી હતી.

# વીરપુર પાસે હાઈવે પર બાયપાસ દેવપરા ચોકડી માનવ જીવન માટે બની રહેલ ભયજનક ઉકેલ કયારે ?

## બસ સ્ટેન્ડ પાસે તાત્કાલીક ધોરણે ફ્લાય ઓવરબ્રિજ બનાવવાની વિરપુરના ગ્રામજનોની માંગ



વિરપુર (જલારામ) તા.૨૪: સૌરાષ્ટ્રના જગવિખ્યાત યાત્રાધામ વીરપુર ગામને અડીને પસાર થતા નેશનલ હાઈવે માર્ગ નં.૨૭ ની બસ સ્ટેન્ડ પાસે દેવપરા ચોકડી તેમજ સૌભાગ્ય હોટલ પાસેની વીરપુર-જેતપુર બાયપાસ ચોકડી માનવ જીંદગી માટે જોખમી બની રહેલ છે.વિરપુર બસ સ્ટેન્ડ પાસે દેવપરા ચોકડી પાસે પૂજ્ય જલારામ બાપાના દર્શન કરવા આવતા લાખો યાત્રાળુઓ તેમજ વિરપુરના બહારગામ જતા રોજીંદા અપ-ડાઉન કરતા લોકો, ડેઈલી રોડ ક્રોસ કરતા વિદ્યાર્થી બાળકો તેમજ ખેડુત ખાતેદારો તથા લોકોને પ્રાઈવેટ વાહનમાં જવા માટે હાલમાં આ ચોકડીમાં પુષ્કળ પ્રમાણમાં માનવ મહેરામણની હલન-ચલન રહે છે. ત્યારે રાજકોટ-જુનાગઢને જોડતો તેમજ રાજકોટ-પોરબંદરને જોડતો નેશનલ હાઈવે નં.૨૭ આ ચોકડીમાંથી પસાર થતો હોય અને વાહનો પુરપાટ ઝડપે માતેલા સાંઢની જેમ દોડતા હોય અત્યાર સુધીમાં ૫૦ થી ૭૫ લોકોને અકસ્માતમાં પોતાની જીંદગી ગુમાવવી પડી છે અને અસંખ્ય લોકોને ઈજા થઈ છે. આવી પરિસ્થિતીમાં નેશનલ હાઈવે ક્રોસ કરવા જતા લોકો માટે વાહનો કાળ બનીને જીંદગીનું જોખમ વધારી રહ્યા છે. હાલ હાઈવે નં.૨૭ રાજકોટ જેતપુર સિક્સ લેન બનાવવાની કામગીરી શરૂ છે ત્યારે રોડની સામેની સાઈડ દેવપરાનો મોટો રહેણાંક વિસ્તાર તેમજ જી.ઈ.બી. નું સબ સ્ટેશન આવેલુ છે. દેવપરાના અંદાજીત ૧૦૦ જેટલા વિદ્યાર્થી બાળકો વિરપુરમાં ભણવા જવા માટે તેમજ આ રહેણાંક વિસ્તારના જીવન જરૂરી વસ્તુઓ માટે ગામમાં અને બહારગામ જવા માટે ફરજીયાત આ નેશનલ હાઈવે પસાર કરવો પડે છે. કે જે ભવિષ્યમાં મોટો અકસ્માત થવાની શકયતાઓ દિન-પ્રતિદિન વધી રહેલ છે. સાથે સાથે આજુબાજુની ગ્રામ્ય વિસ્તારના ખેડૂતો મજુરો તેમજ રાહદારીઓને ફરજીયાત આ નેશનલ હાઈવે ક્રોસ કરીને પસાર કરવો પડે છે. જેથી આ લોકો માટે જીવનું જોખમ કાયમી માટે રહેલું છે. વિરપુરની ઉપરોકત બંને ચોકડી પાસે ફલાય ઓવર બનાવવામાં આવે તો અસંખ્ય લોકો માટે જીવનું જોખમ ઘટી જાય તેમ છે. હાલમાં જે ફલાય ઓવર ગોંડલ રોડ, હોટલ રવી પાસે બનાવવામાં આવેલ છે તે બિન ઉપયોગી અને ખોટી જગ્યાએ બનાવવામાં આવેલ છે. તેવો ફલાય ઓવર ખરેખર તો દેવપરા-બસ સ્ટેન્ડ ચોકડી અને વિરપુર-જેતપુર બાયપાસ ચોકડી બનાવવાની જરૂરીયાત હતી. પરંતુ અનેકવાર રોડ ખાતા દ્વારા નાંખેલી લાઈટો રાત્રીમાં મહદ અંશે બંધ રહેતી હોવાથી સાથે સાથે ઉપરોકત દેવપરા-બસ સ્ટેન્ડ ચોકડી પાસે અવાર-નવાર નાના અકસ્માતો કાયમી બની રહેલ છે. અસંખ્ય પશુઓ આ નેશનલ હાઈવે ઉપર આ ચોકડીમાં અકસ્માતથી મૃત્યુ થયેલ છે. વિરપુરના જયારથી રાજકોટ-પોરબંદર નેશનલ હાઈવે ૪-લેન હાઈવે બનેલ ત્યારથી આ અંગે એડવોકેટ અનીલભાઈ સરવૈયાએ ૨૦૧૨ માં ફ્લાયર ઓવર બનાવવાની રજુઆત કરેલ પરંતુ કેન્દ્રસરકારે જે તે સમયે તે બાબત ધ્યાને લીધેલ નથી. હાલમાં રાજકોટ-પોરબંદર વચ્ચે ૬-લેનની કામગીરી પુરજોષમાં ચાલુ રહેલ છે અને જેમાં અસંખ્ય જગ્યાએ ફ્લાય ઓવર બની રહેલ છે તો વિરપુર દેવપરા ચોકડી અને સૌભાગ્ય હોટેલ વાળી જગ્યાએ ઓવરબ્રીજ મંજુર ન કરીને વિરપુને અન્યાય કરેલ છે. ઉપરોકત બાબતને ગંભીર ગણી સમગ્ર વિરપુર ગામ તેમજ યાત્રાળુઓની સુવિધાઓ માનવ હિત વિગેરે બાબતને ધ્યાનમાં રાખી ચોકડી સુધી ફ્લાય ઓવર બનાવવાની અગાઉ યુપીએ સરકારમાં જે રજુઆત કરેલ હતી અને તે સરકાર દ્વારા કોઈ ભુતકાળમાં કામગીરી આગળ ન વધતા આ અંગે હાલની મોદી સરકારને વિરપુરના પ્રાણ પ્રશ્નને ગંભીર ગણી યોગ્ય કાર્ય કરવાની ધારદાર રજુઆત કરેલ છે.

# રાજકોટની મહિલા કોલેજમાં ટ્રાફિક અવેરનેસનો કાર્યક્રમ યોજાયો





રાજકોટ, તા. ૨૪: પોલીસ કમિશ્નર શ્રી બ્રજેશ ઝા સાહેબ ની સૂચના થી એડિશનલ પોલીસ કમિશ્નરશ્રી મહેન્દ્ર બગડિયા સાહેબ ના માર્ગદર્શન નીચે ડીસીપી ટ્રાફિક શ્રી પુજા યાદવ સાહેબે આજે સવારે ૧૧.૦૦ થી ૧૨.૩૦ સુધી મહિલા કોલેજમાં ટ્રાફિક અવેરનેસ નો કાર્યક્રમ યોજ્યો હતો. કોલેજના આચાર્ય ગણાત્રા સાહેબે કોલેજ માં ડીસીપી શ્રી પુજા યાદવ સાહેબ, એસીપી જે બી ગઢવી, પોલીસ ઈન્સ્પેક્ટર સુ શ્રી સ્મિતા રાઠોડ તથા પો સ ઈ ચારણ ને આવકાર્યા હતા. તથા શ્રી મીનુ જસદણીયાએ કાર્યક્રમનું એન્કરિંગ કર્યું હતું.

સૌ પ્રથમ એસીપી ગઢવીએ અકસ્માતના કારણો, અટકાવવા ના ઉપાયો તથા હેલ્મેટ અને સીટબેલ્ટ ની અગત્યતા તથા મેન્ડેટરી, કોશનરી અને ઈન્ફોર્મેટિવ સાઈનેજિસ વિશે માહિતી આપી.

જ્યારે ડીસીપી પૂજા યાદવ સાહેબે, ગુડ સમર્ટિન એવોર્ડ તથા હિટ એન્ડ રન ની માહિતી આપી તથા ઉત્સુક વિદ્યાર્થીનીઓ દ્વારા પૂછવામાં આવેલ પ્રશ્નો ના જવાબ આપ્યા હતા.

# ખેડૂત, વિસ્તરણ કાર્યકર અને વૈજ્ઞાનિક વચ્ચે એક સેતુરૂપ બનતું સોઈલ હેલ્થ કાર્ડ

- **વર્ષ ૨૦૨૩-૨૪માં સુરેન્દ્રનગર જિલ્લામાં ૫૭૮૦ અને રાજ્યમાં ૧,૬૫,૫૯૦ જેટલા સોઈલ હેલ્થ કાર્ડ ઈશ્યુ કરાયા**

સુરેન્દ્રનગર, તા. ૨૪: હરિયાળી ક્રાંતિના પરિણામ સ્વરૂપે કૃષિક્ષેત્રે આપણો દેશ વિશ્વફલક પર મોખરાનું સ્થાન ભોગવી રહ્યો છે. કૃષિક્ષેત્રે થયેલી પ્રગતિની નોંધ સમગ્ર વિશ્વએ લીધી છે, જેની સાક્ષી રાજ્યનો કૃષિક્ષેત્રનો વિકાસદર પૂરે છે. જે ગુજરાત માટે ગૌરવ લેવા જેવી બાબત ગણાય છે. કૃષિ ઉત્પાદનનો લાભ રાજ્યના તમામ ખેડૂતોને મળી રહે તે માટે કૃષિકારોના પુરુષાર્થ, કૃષિ વિજ્ઞાનના સામર્થ્ય અને સરકારના પ્રોત્સાહક આયોજન દ્વારા કૃષિ ઉત્પાદનમાં ઉત્તરોત્તર વૃદ્ધિ પ્રાપ્ત કરીને પ્રાકૃતિક કૃષિ દ્વારા હરિયાળી ક્રાંતિ માટે સૌ ખેડૂત મિત્રો કટિબદ્ધ બને તે આજના આધુનિક યુગમાં આવશ્યક છે.

કેન્દ્ર અને રાજ્ય સરકારના કૃષિ વિભાગ દ્વારા ખેડૂત સમુદાયમાં જાગૃતિ લાવવા વિવિધ સ્તરે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ પ્રયત્નો ત્યારે જ સાર્થક ગણાય જ્યારે ખેડૂત સમયાંતરે જમીન ચકાસણી કરાવી જમીનની ગુણવત્તા સુધારવા આવશ્યક પગલાઓ ભરવા તત્પર થાય છે. મર્યાદિત જમીનમાં મહતમ પાક ઉત્પાદન એ સમયની માંગ છે. આ માટે પ્રાપ્ત જમીનનો કાર્યક્ષમ ઉપયોગ એ તાકીદની અનિવાર્યતા છે. જમીનના કાર્યક્ષમ ઉપયોગની હેતુપૂર્તિ જમીનની તંદુરસ્તી પર અવલંબે છે જે માટે ખેડૂત પોતાની જમીનમાં રહેલા પ્રાપ્ય પોષક તત્ત્વો, તેના સપ્રમાણ ઉપયોગ અને તેની પાક ઉત્પાદકતા વિશે માહિતીગાર હોવો આવશ્યક છે. કૃષિકારો માટે ગામવાર સર્વે કરીને જમીન સ્વાસ્થ્ય કાર્ડ એટલે કે સોઇલ હેલ્થ કાર્ડ આધારિત સંતુલિત ખાતરનો વપરાશ થાય તે માટે સરકાર દ્વારા પ્રયાસો હાથ ધરાયા છે. આ પ્રકારના પ્રયાસોની પહેલ દેશભરમાં ગુજરાતે કરી છે. સમગ્ર દેશમાં સૌ પ્રથમ એક અનોખો અભિગમ હાથ ધરીને ગુજરાત રાજ્યનાં તમામ ગામોને આવરી લઈ કૃષિ વિકાસના કાર્યક્રમો કિસાનો સુધી પહોંચે તે માટે કૃષિ મહોત્સવ, કલસ્ટર બેઝ તાલીમ, પ્રાકૃતિક કૃષિ સંવાદ સહીતના વિવિધ કાર્યક્રમોનું આયોજન

# યાત્રાધામ અંબાજી સંપુર્ણ બંધ વરૂણદેવને રીઝવવા માટે વેપારીઓએ ધંધા રોજગાર બંધ રાખ્યા

## બપોર બાદ મેઘરાજાની પધરામણી

અંબાજી, તા. ૨૪: શક્તિ,ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ એટલે જગવિખ્યાત યાત્રાધામ અંબાજી ગુજરાત અને રાજસ્થાનની સરહદ ઉપર આવેલું છે.અંબાજી દેશના ૫૧ શક્તિપીઠમા આધ્યશક્તિ પીઠ તરીકે ઓળખાય છે. અંબાજી મંદિર ઉપર નાના મોટા ૩૫૮ સુવર્ણ કળશ લાગેલા હોઈ આ મંદિર ગોલ્ડન ટેમ્પલ તરીકે પણ ઓળખાય છે. હાલમાં ચોમાસાની ઋતુ ચાલી રહી છે. સમગ્ર ગુજરાતના અલગ અલગ વિસ્તારોમાં મેઘરાજા પધરામણી કરી રહ્યા છે.ક્યાંક ભારે વરસાદ તો ક્યાંક ઓછો વરસાદ વરસી રહ્યો છે. અંબાજી શક્તિપીઠ ખાતે છેલ્લા કેટલાય દિવસોથી મેઘરાજા પધરામણી ન કરતા અંબાજી ગામના સ્થાનિક વેપારીઓ દ્વારા સ્વયંભૂ ગામ બંધ રાખી અને વેપારીઓ દ્વારા વેપાર ધંધા બંધ રાખી ઉજાણી કરાઈ હતી.અંબાજી મંદિર સંપૂર્ણપણે ખુલ્લુ રાખવામાં આવ્યું છે. અંબાજી ખાતે તમામ હોટલો ગેસ્ટહાઉસો પણ બંધ જોવા મળી રહી છે,ત્યારે માઈ ભક્તોને તકલીફ ન પડે તે માટે અંબાજી મંદિરની ભોજનશાળા ખુલ્લી જોવા મળી.

ગુજરાતના અનેક જિલ્લાઓમાં અનેક શહેરો અને ગામોમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરી રહ્યા છે, ત્યારે ગુજરાતના સૌથી મોટા શક્તિપીઠ અંબાજી ખાતે છેલ્લા કેટલાક દિવસોથી મેઘરાજા પધરામણી ન કરતા અંબાજીના સ્થાનિક વેપારીઓ ઉજાણી કરીને પોતાના ધંધા રોજગાર બંધ રાખીને વરૂણદેવને રીઝવવા માટે જંગલમાં વન ભોજન કરવાનું આયોજન બુધવારે રાખવામાં આવ્યું હતું. બુધવારે વહેલી સવારથી અંબાજીના તમામ વિસ્તારના બજારો દુકાનો બંધ જોવા મળી હતી અને વેપારીઓ પ્રભુને સ્મરણ કરીને મેઘરાજાને રીઝવવા માટે પ્રાર્થના કરતા જોવા મળ્યા હતા .બપોર બાદ અંબાજી ખાતે મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતા સમગ્ર અંબાજી પાણી પાણી થઈ ગયું હતું અને પોલીસ સ્ટેશન પાસે હાઈવે માર્ગ પર ઘૂંટણ સમાપાણી ભરાયા હતા.મંદિરના ચાચર ચોકમાં પણ પાણી પાણી થઈ ગયું હતું આમ અંબાજીની ઉજાણી સફળ રહી હતી.

# લોધીકા ચાંદલી રોડ ૨૧ કરોડ 30 લાખના ખર્ચે ૭ મીટર પહોળાઈ સાથે મંજુર

રાજકોટ, તા. ૨૪: કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાનો આભાર વ્યક્ત કરતા જીલ્લા પંચાયત શિક્ષણ સમિતિ ચેરમેન અલ્પાબેન તોગડિયા સદસ્ય મોહનભાઈ દાફડા તાલુકા પંચાયત પ્રમુખ વિલાશબેન મોરડ સામાજિક ન્યાય સમિતિ ચેરમેન રેખાબેન પરમાર ઉપપ્રમુખ નિલેશભાઈ નિનામા અધ્યક્ષ અંજુબેન પાંભર શાસકપક્ષ ના નેતા ભરતસિંહ જાડેજા સદસ્ય ગીતાબેન રાઠોડ ધનશાયમભાઈ ભુવા કિશોરભાઈ વસોયા મહિલા સદસ્ય અવનીબેન સોલંકી જ્યોત્સનાબેન દેસાઈ નુરજાહાબેન ઠાસરીયા સવિતાબેન ચાવડા ગીતાબેન રાઠોડ હિતેશભાઈ ખુટ તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ કમાણી મહામંત્રી મોહનભાઈ ખુટ દિલીપભાઈ કુગશીયા અનુસુચિત જાતિ મોરચા પ્રમુખ કિશોરભાઈ ખીમસુરીયા મહામંત્રી પ્રકાશભાઈ પરમાર કિશાન મોરચા પ્રમુખ પંકજભાઈ ગમઢા મહામંત્રી પંકજભાઈ ખુટ યુવા ભાજપ પ્રમુખ વિશાલ રૈયાણી મહામંત્રી યુવરાજ કુવાડિયા પૂર્વ પ્રમુખ ડો પ્રકાશ વિરડા સુધીર તારપરા જીલ્લા ભાજપ કારોબારી સભ્ય પ્રવિણસિંહ ડાભી તાલુકા ભાજપ અગ્રણી વિપુલભાઈ મોરડ જીલ્લા યુવા ભાજપ મંત્રી ડો.મનોજભાઈ કાછડીયા ચાંદલી સરપંચ ચેતનભાઈ મોરડ અશ્વિનભાઈ મોરડ ગુજરાત રાજ્ય ના કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા તેમજ મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ નો આભાર વ્યક્ત કરતા જીલ્લા પંચાયત સદસ્ય મોહનભાઈ દાફડા જીલ્લા ભાજપ શિક્ષણ સમિતિ ચેરમેન અલ્પાબેન તોગડિયા તોગડિયા તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ કમાણી તાલુકા ભાજપ અગ્રણી વિપુલભાઈ મોરડ આ ૧૨ કિમી રોડ સ્ટકચર વાઈડનીગ પ્રોટેક્શન વોર તેમજ ૩.૬૬ મીટર ના બદલે ૭ મીટર વાઈડનીગ સાથે

લોધીકા ચાંદલી આણંદપર રોડ નું રાજકોટ કાલાવડ હાઈવે સુધી પહોળાઈ વધતા પીપરડી જીઆઈડીસી ના વિકાસ ને વેગ મળશે તેમ ખીરસરા જીઆઈડીસી મેટોડા જીઆઈડીસી છાપરા ઉધૌગીક વસાહત ના પરિવહન ને અવર જવર માટે ખુબ જ અનુકૂળતા રહેશે તેમ ઉધૌગીક વિસ્તારના શ્રમિકો માટે પણ અવરજવરમાં અનુકૂળતા રહેશે.

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૩) પત્રકાર સોસાયટીમાં મકાન કે પ્લોટ જોઈએ છે ૧૦૦ વાર આસપાસ

(૪) વિરાણી ચોક પાસે કલ્યાણ પાર્ક સોસાયટીમાં ૪૫૦ વાર નો પ્લોટ વેચવાનો છે રોડ ટચ દરેક ધંધાને અનુરૂપ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

(૮) સાધુ વાસવાણી રોડ ઉપર ચાલુ ભાડાની આવક વાળી દુકાન વેચવાની છે મેઈન રોડ ઉપર

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**

**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે

તમે પણ બનો ડિજિટલ...





**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**



**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

# સેફાયર છે ને.. !!
# શું કામ ન મળે સપનાનું ઘર...

| 2 BHK Flats | 3 BHK Flats |
|---|---|
| 618 Carpet | 824 Carpet |

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઈ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT

SAPPHIRE
Skyline



Magnificent
4 BHK Flats & Penthouses

KALAVID

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...

JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

# શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ

## ચાલો આપણે સૌ જન્મદિવસની સેવાદિન તરીકે ઉજવણી કરીએ

આપણે આ જન્મદિવસે ફૂલ બુકે કે ગિફ્ટ કરતા વર્ષોથી ચાલતા અન્નક્ષેત્રમાં રસોડા માટે તેલની આવશ્યકતા છે તો રસોડાના સેવા કાર્યમાં અન્નદાનના સેવા કાર્યોમાં નિમિત બનીએ બને એટલા તેલના ડબ્બા વધુને વધુ અર્પણ કરી જન્મદિવસની અનોખી સેવાદિનની ઉજવણી થાય એવો આપણે સૌ સાથે મળીને પ્રયત્ન કરીએ

રાષ્ટ્રીય શાળામાં જેને તેલ ના ૧ કે તેનાથી
વધારે ડબ્બા આપ્યા હશે તેનું વિશેષ સન્માન કરવામા આવશે
૩૧-૦૭-૨૦૨૪, બુધવાર, સમય :- ૪ થી ૭ કલાક

**સંપર્ક નં. :-** રંજનબેન (૯૮૨૫૬ ૩૯૯૮૬)




**૧ તેલના ડબ્બા ની કિંમત - ૧૮૦૦**



**જયેશ ઉપાધ્યાય (પ્રમુખશ્રી)**
શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ

# શ્રી બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ

3 દાયકાથી પણ વધુ સમયથી અવિરત સેવામાં

રજી નં. ઈ-૨૫૫૪ તા.: ૨૯-૦૫-૧૯૯૧ બોલબાલા સેવા સંકુલ,
૩-મીલપરા મેઈન રોડ, રાજકોટ. ફોન : ૦૨૮૧-૨૨૩૭૦૦૦ । મો.: ૮૮૬૬૦ ૨૨૬૬૦

bolbala charitable trust-rajkot | bolbalatrust | Bolbala charitable trust